૨૧૦૩
૨૧૦૩

શ્રીમાન્
નિતિવિજયજીકૃત.

શ્રી

# વીસવિહરમાન જિન પૂજા

તથા

શ્રી 'રસીક'

# સત્તર ભેદી પૂજા.

પ્રકાશક,

કવિ રસીક

ઝવેરી ભોગીલાલ ધોળશાજી.

અમૂલ્ય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સુચના.

જ્ઞાન અમૂલ્ય ધન છે એમ જાણી આ અગર બીજુ કોઇ પણ પુસ્તક રખડતુ મુકશો નહિ.

વીસવિહરમાન જિન પૂજા ભણાવવાનો વિધિ વીસ સ્થાનકની પૂજા પ્રમાણે જાણવો.

પૂજા ભણાવતી વખતે કેટલાક ભાઇઓ પુસ્તક ભોંયપર મુકી ઉપયોગ કરે છે, અગર પૂજા થઇ રહ્યા પછી પણ ભોંય ઉપર મુકી ચાલવા માંડે છે, પરંતુ તેમ કરવાથી આશાતના થાય અને જ્ઞાનાવરણી કર્મ બંધાય, માટે તે બાબતનો ઉપયોગ રાખવો, અને ભણતી વખતે તથા તે પછી પણ પુસ્તક ઉંચે આસને મૂકવુ.

'શ્રી વીરશાસન' પ્રીન્ટીગ પ્રેસમાં પરીખ વિઠ્ઠલદાસ મોહનલાલે છાપ્યું ઠે. કાળુપુર હાજાપટેલની પોળ—અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીમાન્

નિતિવિજયજીકૃત,

શ્રી

# વીસાવિહરમાન જિન પૂજા

પ્રકાશક:

કવિ 'રસીક'

ઝવેરી ભોગીલાલ ઘેળશાજી.

ઠે. ડોશીવાડાની પોળ, અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત. ૧૫૦૦

સંવત ૧૯૮૨ સને ૧૯૨૫

અમૂલ્ય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી રામવિજયજી મહારાજની ગુંહળી

## આજ ગઇ મન કેરી શંકા. એ દેશી.

રામવિજય ગુરૂ શાસન દીવો, પ્રગટયો અમપુર આજેરે, મિથ્યામત અંધાર હઠાવા, આગમ જયોતશું છાજેરે, રામ-વિજય ॥ ૧ ॥ શાસનદ્રોહી કુમત વાદીઓ, દુષમ કાળે પાકયારે, છિન્ન ભિન્ન કરે જિનમત શ્રેણી, રક્ષક મુનિવર થાકયારે, રામવિજય ॥ ૨ ॥ સમ્યગદૃષ્ટિ ધર્મરાગી જન, મનમા બહુ મુઝાયારે, શ્રી જિન માર્ગ વિષે ચળ ચિત્તા, થઇને કંઇક ફસાયારે, રામવિજય. ॥ ૩ ॥ કંઇક સાધુઓ જિનમત નામે, મિથ્યામત ઉપદેશેરે, ગાંધી વચન પર ઘેલા થઇને, આગમ વચણને રેંસેરે, રામવિજય. ॥ ૪ ॥ જિનમત દૃઢ અનુરાગી સાધુ, કેઇક મૌન આચરતારે, જિન શાસન ડોળાતુ દેખી, ગુરૂ દિલ દાઝને ધરતારે, રામવિજય. ॥ ૫ ॥ મિથ્યામતિ કુતર્ક વાદીઓ, દમદાટી બહુ દેતારે, નામ જૈનને વેષ વિડંબક, સઘળા સામીલ રહેતારે, રામવિજય. ॥ ૬ ॥ વિતરાગના ધર્મ પ્રભાવક, પાપી થકી નવ ડરતારે, શાસ્ત્ર વચન અનુસારે જનને, બોધ અનુપમ કરતારે, રામવિજય. ॥ ૭ ॥ જુજ સમય બહુ મુશ્કેલીમાં, પણ અંતે ગુરૂ ફાવ્યારે, **રસીક** જનોને બોધ દઇને, મૂળ મારગમાં લાવ્યારે, રામવિજય. ॥ ૮ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પન્યાસજી મહારાજ શ્રી પ્રેમવિજયજીની ગુંહળી.

### મારૂ સાજન દેખીને વેવઇ બી ગયો. એ દેશી.

જીરે શાસન રક્ષક સાહીઆ, જીરે પ્રેમવિજય પન્યાસરે–ગુરૂ સાંભળો, જીરે રામવિજય શિષ્ય આપના, ઉપદેશ દિવાકર ખાસરે–ગુરૂ ॥ ૧ ॥ વાલા રાજનગરમાં પધારીને, કર્યો ભવિ જનને ઉપગારરે–ગુરૂ સાંભળો, ઉંડા આગમ ભાવ પ્રકાશીને, હર્યો મિથ્યામત અંધકારરે–ગુરૂ ॥ ૨ ॥ કાંઇ વિવિધ વિષય સમજાવતા, બધી શંકા હરે તત્કાળરે–ગુરૂ સાંભળો, રૂડા પ્રશ્નોત્તર બહુ પ્રેમથી, વદે મધુર વચન સુરસાળરે–ગુરૂ ॥ ૩ ॥ અમે શીશી તે વાત ઉચ્ચારીયે, વળી શું કરીએ ગુણ ગાનરે–ગુરૂ સાંભળો, આવો જોગ હવે ફરી કયાં મળે, એવુ તનમાંહે લાગ્યુ તાનરે–ગુરૂ ॥ ૪ ॥ હવે ચોમાસુ પૂરણ થસે, રહ્યા દિન ગણ્યા દશ બારરે–ગુરૂ સાંભળો, મને ક્ષણ ક્ષણ એ દુઃખ સાંભરે, કરી જાશે ગુરૂજી વિહારરે–ગુરૂ ॥ ૫ ॥ તમે પરમ દયાળ કૃપા કરી, મુનિવર ગુણના ભંડારરે–ગુરૂ સાંભળો, વહેલા આ સ્થળ પુનઃ પધારજો,કરે રસીક અરજ ધરી પ્યારરે–ગુરૂ ॥ ૬ ॥

---

## શ્રી રામવિજયજી મહારાજની ગુંહળી.

### ફુલના ચોસર પ્રભુજીને શીર ચઢે. એ દેશી.

ધન્ય ધન્ય મુનિવર દેશના અતિ ભલી, આપી અમને કીધા ન્હાલરે, આગમ તત્વો અજબ રસ મેળવી, બોલે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવના પ્રતિપાળરે ॥ ૧ ॥ રામવિજય ગુરૂ ચરણ કરણ ભર્યા, જ્ઞાન ભણ્યા નિજ મતિ અનુસારરે, લઘુવયમાં મતિ શ્રુત બહુ પામીઆ, ચકીત બને શ્રોતા હદપારરે, રામ ॥ ૨ ॥ જિનવર ભાષિત ગહન વિષય તણુ, સ્પષ્ટ વિવેચન કરતા ખાસરે, વાણી બોલેરે અમૃત સારીખી, જ્યા નહિ શંકાનો અવકાશરે, રામ ॥ ૩ ॥ સજની પરમ મહોદય આપણો, જંગમ સુરતરૂ મળીઓ આજરે, અણુધાર્યો રવિ ઉગ્યો કનકનો, સહેજે સરશે સઘળા કાજરે, રામ ॥ ૪ ॥ હાટક થાળ ભરી મણિ મોતીએ, કરમા લઈ ચાલો ગુરૂ પાસરે, રસીક ઉમંગે ગુરૂને વધાવીએ, જેથી લહીએ લીલ વિલાસરે, રામ ॥૫॥

---

## આભાર

આ પૂજા છપાવવા સારૂ શ્રીમાન્ નિતિવિજયજી મહારાજના શિષ્ય શ્રી સિદ્ધિવિજયજી સાહેબના ઉપદેશથી જે જે ગૃહસ્થોએ ઉદાર મદદ આપી છે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

લી. પ્રકાશક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આ પૂજા સબંધી બે બોલ.

સુજ્ઞ મહાશય ! આજ કાલ જિનેશ્વર દેવની દ્રવ્ય પૂજા સાથે ભાવ પૂજામાં પ્રાધાન્યતાને પામેલી સંગીત પૂજા (સ્તવન પૂજા ) નો પ્રચાર વિષેશ થએલો જોવામાં આવે છે, તેવે વખતે આજથી લગભગ સાઇઠ વર્ષ ઉપર એક મહાન વૈરાગી પુરૂષના હાથે રચાયેલી પરંતુ અદ્રશ્ય રહેલી પુજા, પ્રસિદ્ધિમાં મૂકુવાની તક મળવાથી મને અત્યંત હર્ષ ઉત્પન્ન થાય છે.

પ્રસ્તુત પૂજા બાબત હું આપને કાંઈ પણ કહુ તે પહેલા તે કઈ પૂજા, અને તેના કર્ત્તા મહા પુરૂષનું નામ એ જણાવવુ વધારે જરૂરનું થઇ પડશે, કેમકે શાસ્ત્રકાર ભગવાનનો એ બોલ છે કે “ પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ” અને તેજ પ્રમાણે તેના કર્ત્તા પુરૂષનુ નામ, એ કૃતિનો સંપુર્ણ વિશ્વાસ પમાડી શકે ! આ પૂજાનુ નામ શ્રી વિહરમાન જિન પૂજા છે, વિહરમાન જિન એટલે વિચારતા ભગવાન ! અત્યારે આ ભરતક્ષેત્રમાં પ્રભુ મહાવીરના નિવાર્ણ પછી વિચરતા પ્રભુનો અભાવ છે, અને ઉત્સર્પિણિ કાળના અમુક વખત સુધી એ સ્થિતિ કાયમ રહેવાની, પરંતુ અઢી દ્વીપના પાંચે મહા વિદેહમાં શ્રી સીમધર સ્વામી આદે વિચરતા વીસ તીર્થંકરો ભવ્ય જીવો ઉપર અત્યંત ઉપકાર કરી રહ્યા છે, તે વીસે વિહુરમાનજિન કહેવાય, અને તે ઉપરથી તેમની સ્તુતિ રૂપ પૂજાનુ નામ ‘ શ્રી વીસ વિહરમાન જિન’ પૂજા એવું રાખવામાં આવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે તેના કર્ત્તા પુરૂષની આપને હું ટુંકમાં ઓળખ કરાવીશ; સંવેગ માર્ગના ઉત્પાદક શ્રીમાન્ સત્યવિજયજી પન્યાસ થયા, તેમની પાટે તેમના શિષ્ય શ્રીમાન્ કપુરવિજયજી થયા, તેમના શિષ્ય શ્રી ક્ષમાવિજયજી અને તેમના શિષ્ય શ્રીમાન જિન વિજયજી પંડિત થયા, કે જેમના રચેલા સ્તવનાદિ અપૂર્વ ભાવથી ભરેલા છે; તેમની પછી શ્રી ઉતમ વિજયજી કવિ, અને તેમના શિષ્ય પંડિત પ્રવર શ્રીમાન્ પદ્મ વિજયજી થયા, તે મહા પુરૂષ એક સમર્થ વિદ્વાન હતા એવુ તેમના રચેલા ગ્રંથો ઉપરથી સાબીત થાય છે, તેમને પદ્મદ્રહ ( સરસ્વતિનું નિવાસ સ્થાન ) એવુ બિરૂદ હતુ, તેમની પછી તેમના શિષ્ય રત્ન પંડિત શ્રીમદ્ રૂપ વિજયજી થયા કે જેમની વિદ્વતાનો અપુર્વ ખ્યાલ તેમની રચેલી પુજાઓ આપણુને કરાવે છે; તે પછી તેમના શિષ્ય રત્ન શ્રીમાન્ કિર્ત્તિ વિજયજી થયા, તેમના શિષ્ય શ્રી કસ્તુર વિજયજી અને તેમના શિષ્ય તપસ્વીજી શ્રીમાન્ મણિ વિજયજી દાદા એ નામથી પ્રસિદ્ધ તે થયા; તે મણિ વિજયજી દાદાના શિષ્ય શ્રીમાન્ બુદ્ધિ વિજયજી ( બુટેરાયજી ) થયા, અને તેમના શિષ્યરત્ન શ્રીમાન્ નિતિ વિજયજી માહારાજે આ પુજા રચેલી છે.

આટલુ જણાવ્યા પછી આ પૂજાના રહસ્ય સબંધી હું થોડાક ઉલ્લેખ કરવો ઉચીત ધારૂ છુ, આ કૃતની અંદર ભક્તિરસ, વૈરાગ્ય અને અધ્યાત્મ ભાવનું પોષણ સરસ રીતે કરવામાં આવ્યું છે, તેમજ પ્રભુ દેશનાની મહત્વતા, સમોવસરણ આદિનુ ટુંકમાં ધ્યાન અને તે સાથે વિચરતા પ્રભુને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિનંતિ કરવાની અજબ છટા વિગેરે બાબતોથી આ પૂજા અત્યંત આલ્હાદ જનક છે. વાંચનાર અગર સાંભળનાર જો ધ્યાન પૂર્વક વાંચે કે સાંભળે તો અવશ્ય ડોકુ ધુણાવ્યા વિના રહેજ નહિ, અને એવીજ રીતે તલ્લાલિન થતાં ભવ્ય જીવોમાંથી કોઇ પુરૂષ તો આત્મ કલ્યાણ પણ સાધી જાય. આ પૂજા અત્યાર સુધી અદ્રશ્ય કેમ રહી હતી તે પણ આપને મ્હારે જણાવવું જોઈએ.

સંવત ૧૯૩૫ ની સાલમાં છપાએલા એક મોટા સાડા સાતસો પૃષ્ટના ગ્રંથમાં જુની બાળબોધ લીપીમાં આ પૂજા છપાઇ હતી, અને ત્યાર પછી બીજા કોઇ પણ ગ્રંથમાં તે છપાએલી અત્યાર સુધી જોવામાં આવી નથી, કેમકે આ ગ્રંથ પ્રમાણમાં બહુ મોટો હોવાથી તેમજ કિંમતમાં પણ ભારે હોવાથી ઘણા ભાવીકો તે રાખી શકે નહિ એ નિર્વિવાદ છે, અને તેજ કારણથી આજ દિન સુધીમાં આ પૂજા પુરતી પ્રસિદ્ધિમાં આવી શકી નથી. જ્યારે જ્યારે આ પૂજા ભણાવવામાં આવતી ત્યારે ત્યારે તેની સાત અગર આઠ ચોપડીઓ આખા અમદાવાદમાં ફરીએ ત્યારે મળી શક્તી હતી, અને તે ઉપરથી પણ પુસ્તકના અભાવે તે અપ્રસિદ્ધ રહેવા પામે એમાં આશ્ચર્ય પામવા જેવુ નથી.

ત્યારપછી આ પૂજા ફક્ત એકલીજ છપાવવાથી પુસ્તકનું કદ નાનું થઈ જશે એમ લાગવાથી, તથા કેટલાક ગૃહસ્થોની ખાસ પ્રેરણાથી, મહાન્ પૂર્વાચાર્યોની રચેલી પૂજા ઉપરથી મેં અનુવાદ રૂપે તૈયાર કરેલી "" શ્રી રસીક સત્તરભેદી પૂજા " પણ ભેગી છપાવી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ સત્તરભેદી પૂજા આગળ એક વખત છપાવી હતી, પરંતુ તેની બધી નકલો ખપી જવાથી તેમજ જીજ્ઞાસુઓ તરફથી વારંવાર તેની માગણી થવાથી આ સાથે દાખલ કરવામાં આવી છે, જેને સુજ્ઞ પુરૂષો ધ્યાન પુર્વક વાંચી અવશ્ય લાભ લેશે. કર્ત્તાનું નામ માત્ર વાંચી પુસ્તક પડતું મુકવું તે કરતા તે પુસ્તક સાદ્યંત વાંચી જવાથી તેના કર્તાને યોગ્ય ન્યાય આપી શકાય, અને તેટલાજ માટે ધર્માનુરાગી ભાઇઓને, આ સત્તરભેદી પૂજા ખાસ વાંચી જવાને આગ્રહ પુર્વક વિનંતી કરવામાં આવે છે.

વળી આ પૂજા રચવામાં મને જેનો પવિત્ર આશીર્વાદ સહાયરૂપે છે એવા વયોવૃદ્ધ સંયમી, સચ્ચારિત્રિ મુનીશ્વર શ્રી સિદ્ધિ વિજયજી મહારાજ (શ્રીમાન્ નિતિવિજયજી મહારાજના શિષ્ય)નો, તથા પૂજામાં રહી જતી ભૂલોને દૂર કરવા તે તપાસી જનાર, પુજ્ય શ્રી વિજયનેમીસૂરિજીના શિષ્ય શ્રીમાન્ ઉદયવિજયજી મહારાજનો હું અંતઃકરણ પુર્વક આભાર માનું છું.

છેવટે આપ ધર્મ બંધુઓને હું એટલુંજ વિનવીશ કે છદ્માસ્થાવસ્થાને લઇને મતિદોષ અગર દૃષ્ટિદોષથી રહી ગએલી ભૂલો માટે મને સુચના કરવાથી બીજી આવૃતિમાં તે સુધારવાની કાળજી રાખવા સાથે હું આપનો આભારી થઇશ.

અમદાવાદ<br>
સંવત ૧૯૮૨ કાર્તક શુકલ પંચમી.<br>
(સૌભાગ્ય પંચમી.)

લી. પ્રકાશક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી પરમાત્મને નમઃ

## શ્રીમાન્ નિતિવિજયજી કૃત.

# વીશાવિહરમાન જિન પૂજા.

## ॥ અથ શ્રી સીમંધર જિન પુજા. ૧. લી. ॥

### દુહા.

શ્રી મન મોહન પાસજી, સકલ જંતુ હીતકાર,
સદ્ગુરૂ ચરણ પસાયથી, ગુણી ગુણ માલાકાર. ૧
પંચ વિદેહે વિહરતા, વિહરમાન જિન વીશ,
ભક્તિ ભરે પૂજા રચું, ભારતી પૂરે જગીસ. ૨
વિસ્તિરણ જિન મંદીરે, થાપી જિનવર વીસ,
દ્રવ્યાષ્ટક પૂજા કરી, ભાવ અપૂર્વ જગીશ. ૩
શ્રી મંધર[1] યુગ મંધરૂ,[2] બાહુ[3] સુબાહુ[4] સુજાત,[5]
સ્વયંપ્રભ[6] રૂષભાનન[7] જિન, અનંતવીર્ય[8] સુભગાત. ૪
સુરપ્રભ[9] વિશાલ[10] વજ્રધર,[11] ચંદ્રાનન[12] ચંદ્રબાહુ,[13]
ભુજંગેશ્વર[14] નમી[15] વીરસેન,[17] મહાભદ્ર[18] જસ ચાહુ ૫
દેવજસા[19] જિતવીર્ય[20] જિન, દર્શન કરી મન ખાંત,

---

ભુજંગેશ્વર=ભુજંગ+ઈશ્વર. દેવજસાજિતવીર્ય=દેવજસા+અજિતવીર્ય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્રવ્ય તે કારણ ભાવનો, સીજ્જંભવ દ્રષ્ટાંત. ૬
નૃપશ્રેયાંશ કુલ દિનમણી, સત્યકી માતા જાસ,
રૂકમિણી રાણી નાહલો, લંછન વૃષભનું તાસ. ૭

## ઢાળ. ॥ પ્રથમ પૂરવ દિસે. એ દેશી ॥

ધન્ય તું ધન્ય તું સ્વામી શ્રી મંધરૂ, ધન્ય તુજ શક્તિ વ્યક્તિ સનુરી, કાર્ય કારણ દિશા સહેજ ઉપગારતા, શુદ્ધ એકત્વ પરિણુમન પૂરી. ૧ ધન્ય ॥ નયરી પુંડરગીણી સ્વર્ગપૂરી સમ બની, જીહાં જિનવર વિચરે સદાયે, વૃષભ લંછન મીષે બોધી આરોપતા, આત્મ ખેત્રે પ્રગટે જદાયે. ૨. ધન્ય ॥ શ્વામી ગુણ ઓલખી સાધી સાધક દશા, દર્શન શુદ્ધતા તેહ પામે, જ્ઞાન ચારિત્ર તપ વિર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે. ૩. ધન્ય ॥ અદ્યપી ભાવ ત્રીકાળના જાણુતા, તોપણ નિજ વિતક કહું એ, ભુલ્યો અભિમાનમેં જીલ્યો પર ભાવમેં, વિષય કષાય આશ્રવ બહુએ. ૪. ધન્ય ॥ સંવર વર્છિલુ સુણી શ્રી મંધરૂ, જૈન દર્શન અહિ આશ તોએ, આશ નિજ પદ તણી સ્વામી અવંલંબને, અનુપમ સુખ નિત્ય શાસ્વતોએ. ૫ ધન્ય ॥ ઇતિ ॥

મંત્ર—ॐ ह्रीं श्रीं परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते सीमंधर जिनवराय जलादिकम् यजामहे स्वाहा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી યુગમંધર જિન પૂજા ૨ જી. ॥

### ॥ દુહા ॥

વપ્ર વિજય વિજયાપૂરી, સૂદ્રઢ નરપતિ નંદ,
માત સુતારા જનમીઓ, પૂરણ પુનમચંદ. ૧
ઘાતી કર્મને ક્ષય કરી, જ્ઞાન દર્શન ઘન ભોગ,
યુગમંધર જિન પૂજીએ, શુચિકર ત્રિકરણ જોગ. ૨

---

### ઢાળ. સંભવ જિન અવધારીએ. એ દેશી.

સાહેબ સાંભળો વિનતિ, ઓલંભે અરદાસ સનેહી, હેજે હસીય બોલાવતાં, કરશુ ગુણ ગણ વાસ. સનેહી. શ્રી યુગમંધર જિન સુણો. ॥ ૧ ॥ એ આંકણી ॥ તારક નામ ધરાવતા, તુમે તારો છો અનેક સનેહી, તો કિમ પ્રભુ હું વિસર્યો, દેજો સમક્તિ છેક સનેહી. શ્રી ૨ ॥ લોક સ્વભાવે દેખતા, એમ ન સરે મુજ કાજ સનેહી, દાસ સ્વભાવે જો ગણો, એટલે પામું રાજ સનેહી. શ્રી ૩ ॥ કરૂણા નિધિ કહીએ કીશું, જાણો મનોગત ભાવ સનેહી, ભેદ ભાવ મુકી પરો, મુજશ્યુ રમો એક દાવ સનેહી. શ્રી ૪ ॥ સકલ પ્રદેશે શક્તિમેં, જ્ઞાન દર્શન સુખ વીર્ય સનેહી, ઉત્પાત વય ધ્રુવ અનુભવી, ઊપાદાન અતી ધીર્ય સનેહી. શ્રી ૫ ॥ સંગ્રહુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નયથી અનાદીનો, એવંભુત નયે આદ્ય સનેહી, બુદ્ધિ વિજય નિત્ય ધ્યાનથી, નિજ ગુણ સમતા જાદ્ય સનેહી. ૬ શ્રી ાાઇતિાા

મંત્ર—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते युगमंधर जिनवराय जलादिकम् यजा महे स्वाहा॥

## ॥ અથ શ્રી બાહુજિન પૂજા ૩ જી ॥

### દુહા.

પુરિ સુસિમા સુગ્રિવ પીતા, વિજયા રાણી નંદ,
તેજે જલહળ દીપતો, વિચરે ત્રિભૂવન ઇંદ. ૧
જ્ઞાની પણ વચને કરી, કહી ન શકે જસ પાર,
આતમ અનુભવશું લહે, ચિદાનંદ વિસ્તાર. ૨

### ઢાળ. તોરણથી રથ ફેરીયોરે હાં. એ દેશી.

બાહુ જિણંદ કૃપામઇરે હાં, ચંદન શીતલ વાણ, વારી મોરા સાહિબા; દેવ દાનવ વિદ્યાધરા રે હાં, સેવે જોડી પાણ, વા૦ ૧ ાા શુદ્ધાત્તમ બળ મોગરેરે હાં, મોહ મદન કરી ઘાત, વા૦ રાજ લીયો પ્રભુ આપનોરે હાં, પરમાનંદ વિખ્યાત, વા૦ ૨ ાા ધર્મચક્રી વિચરે જીહાંરે હાં, કનક કમલ ઠવે પાય, વા૦ જોયણ સવા સો મંડલે રે હાં, રોગાદિક નવી થાય. વા૦ ૩ ાા ચરણ નૃપતિની નંદનીરે હાં, કેવલ કમલા નાર, વા૦ વિતરાગતા મહેલમાંરે હાં, વીલસે જગત્રયાધાર. વા૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪ ॥ ચોત્રીસ અતિશય શોભતારે હાં, સાહેબ જગ સુલતાન, વા૦ જ્ઞાન દર્શન સુખ વીર્યનીરે હાં, રિદ્ધિ અનંત નિધાન. વા૦ ૫ ॥ એહવા પ્રભુની સેવનારે હાં, બહિરાતમ ત્યાગવાન, વા૦ બુદ્ધિ નિત્ય સુમતિ કહેરે હાં, આપો સમકિતદાન. વા૦ ૬ ॥ ઇતિ ॥

मंत्र—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते बाहु जिनवराय जलादिकम् यजामहे स्वाहा ॥

## ॥ અથ શ્રી સુબાહુ જિનપૂજા. ૪ થી ॥

### ॥ દુહા ॥

ભૂપ નીસઢ વિનિતાપુરી, ભૂનંદાનો નંદ,
પદતલ કપી લંછન જસુ, સેવે સુરનર વૃંદ. ૧
પુરણાનંદ સ્વરૂપમેં, સુબાહુ જિનરાજ,
વસ્તુ તત્વ ઓળખાણથી, આપે ચરણ જહાઝ. ૨

### ઢાળ હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશ જો. એ રાગ.

હાંરે મારે સુબાહુ જિણંદશું લાગ્યો ધર્મ સનેહ જો, પૂરણ પુન્યે મળીઆ આશય શુદ્ધથીરે લોલ, હાં. છાંડી મિથ્યા દુર્જય નિંદ પ્રમાદ જો, નાઠી ભુલ અનાદિ સમ્યક્ બુદ્ધથી રે લોલ. ૧ હાં. સેહેજે પ્રગટયો નિજ પ્રભાવ વિવેક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો, અંતર આતમ સાધે સાધન ઈષ્ટતારે લોલ, હાં. ત્યાગી પર પરિણુતી રસ રમણુની રીઝજો, જાગી આતમ અનુભવ સ્વાદની મીષ્ટાતારે લોલ. ૨ હાં. સેહેજે છુટી આશ્રય ચાલ અનાદિ જો, જાલમ પ્રગટી સંવર ભાંવની સીષ્ટતારે લોલ, હાં. બંધ હેતુ જે પાપસ્થાન અઢાર જો, તે પણ પામ્યા નીર્જરા સાચ ગરિષ્ટતારે લોલ. ૩ હાં. શુદ્ધ સ્વરૂપે વલગ્યો ગુણ ઉપયોગ જો, તેથી પામ્યો ધ્યાયક ધ્યેય સમસ્તતારે લોલ, હાં પરમાતમ પૂજાનું એ ફલ જાણજો, ચંદ્રવદન જિન ચોથા પ્રભુની સરલતારે લોલ. ૪ હાં. જગ સુખદાયક જંગમ સુર તરૂ શાખ જો, સેવકને ફલ આપો સમાધિલય વરેરે લોલ, જે અતિ દુસ્તર જલધિ સમો સંસારજો, બુદ્ધિ વિજય નિત્ય ગોપદ સમ તેહીજ કરેરે લોલ. ૫ હાં. ઈતિ ॥

**મંત્ર ॥ ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्युनिवारणाय श्रीमते सुबाहु जिनवराय जलादिकं यजामहे स्वाहा ॥**

## ॥ અથ શ્રી સુજાતજિન પૂજા ૫ મી ॥

### ॥ દુહા ॥

દેવસેનથી નીપન્યો, દેવસેનાનો પૂત,
ભાનુ લંછન રાજતો, ત્રીભૂવન પતિ અબધુત. ૧
ધ્યેય સ્વરૂપ યોગીશ્વરૂ, અલખ અરૂપી રૂપ,
શ્રી સુજાત જિન પૂજતાં, પામે નિજગુણ ભુપ. ૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઢાળ. બ્રહ્મચર્ય પદ પુજીયે. એ દેશી.**

કયું જાણું કયું બની આવશે, શ્રી સુજાત જિન સેવ હો વિનિત, પુદ્‌ગલ પરિચય ત્યાગથી, કરવા જસ મન ટેવ હો વિનિત. શ્રી સુજાતજિન સેવીએ. ૧ આંકણી. પરમાતમ સોહંકરૂ વસ્તુગતે તે અલીપ્ત હો વિનિત, દ્રવ્યે દ્રવ્ય મીલે નહિ, ભાવ તે અન્ય અવ્યાપ્ત હો વિનિત. શ્રી૦ ૨ આતમ વિભુતિએ પરિણમ્યો, સહુ સાધકનો ધ્યેય હો વિનિત, આગમ બલે કાંઇ જાણીએ, મીલવા તુમ પ્રભુ જ્ઞેય હો વિનિત શ્રી૦ ૩ જડ ચલ જગની એંઠનો, ન ઘટે ભવ્યને ભોગ હો વિનિત; ઉપાદાનતા આદરી, ત્યાગી અશુદ્ધ પ્રયોગ હો વિનિત. શ્રી૦ ૪ સહસ કીરણ લંછન મીષે, દીપે અદભૂત વાનહો વિનિત. બુદ્ધિવિજય નિત્ય ભક્તિથી, માંગે સેવા દાન હો વિનિત. શ્રી૦ ૫ ॥ ઇતિ ॥

મંત્ર.—॥ ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते सुजात जिनवराय जलादिकं यजामहे स्वाहा० ॥

## ॥ અથ શ્રી સ્વયંપ્રભ જિન પૂજા ૬ ઠ્ઠી. ॥

### ॥ દુહા. ॥

નરપતિ મીત્ર સુમંગલા, જાયા શ્રી જિનરાય,
પદ તલ શશી લંછન ભલો, ત્રીભૂવનપતિ સુખદાય. ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્મબોધનો હેતુ એ, સ્વયંપ્રભુ જિન ભૂપ,
ભાવ ધરી દ્રવ્ય પૂજને, શીવ સુખ લહે અનુપ. ૨.

## ઢાળ. આચારજ ત્રીજે પદે. એ દેશી.

સ્વામી સ્વયંપ્રભુ દેશના, સુણો ત્યાગી સર્વ જંજાળરે, પામી નર ભવ દોહીલો, મત ખોવો આળ પંપાળરે ॥ સ્વામી સ્વયંપ્રભુ દેશના ૧ ॥ એ આંકણી. જીવ અનાદી અનંત છે, કર્મે સંયુક્ત પ્રવાહરે, ચારિત્ર શ્રુત દોય ભેદથી, ધર્મ પર બીજે ત્રણ રાહરે ॥ સ્વા૦ ૨ ॥ એક કસ ને બીજો છેદથી, તાપ કનક કસોટીએ દાનરે, જીહાં સાવદ્ય નિષેધ છે, રાગ આદિ નહિ શુભ ધ્યાનરે ॥ સ્વા૦ ૩ ॥ જીહાં સંયમ અપ્રમત્તતા, લીયે આહારાદિક સવિ શુદ્ધરે, છેદ શુદ્ધ તે ધર્મ છે, એણી પેરે ભાષે સ્વયંબુદ્ધરે ॥ ૪. સ્વા૦॥ જીવ અનાદિ અનંત છે, અસ્તી નાસ્તી તે વિચારોરે, તાપ ધર્મ તે જાણીએ, ઓલખો આતમ નિરધારરે ॥ સ્વા૦ ॥ ૫ મિથ્યાત્વાદિક બંધના, હેતુ કરી બાંધે કર્મરે, સમ્યકત્વાદિક ભાવથી, ક્ષય કરી લહે શીવ શર્મરે ॥ સ્વા૦ ॥ ૬ એણી પેરે ધર્મને આદરે, જે પાલે ધન્ય નર તેહરે, બુદ્ધિવિજય નિત્ય ધ્યાનથી, જ્ઞાન મહોદય ગેહરે ॥ સ્વા૦ ॥ ૭ ઇતિ ॥

મંત્ર—ૐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्युनिवारणाय श्रीमते स्वयंप्रभ जिनवराय जलादिकं यजामहे स्वाहा॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી રૂષભાનન જિન પૂજા ૭મી. ॥

### ॥ દુહા. ॥

કિર્તિ નૃપ કુલ તીલક સમ, વીરસેનાનો નંદ,
મૃગપતિ લંછન શોભતો, કનક દેહ જગ ચંદ. ૧.
ક્ષાયક ભાવ વિરાજતો, કર્મ કલુષતા દુર,
રૂષભાનન જિન સેવતાં, ઊપજે અનુપમ નુર. ૨.

**ઢાળ. અનીહાંરે વહાલો વસે વિમલાચળેરે. એ દેશી.**

અનીહાંરે શ્રી રૂષભાનન જગ વિભુરે, સ્યાદવાદના ભાષણુહાર, પુરવ ધાતકી ખંડે જગ ધણીરે, વછછ વિજય સુશીમા સાર, સ્વામી વસે મહા વિદેહમાંરે. ॥ ૧ ॥ એ આંકણી.॥ અનીહાંરે રાજ્ય રિદ્ધિ રમણિ સહુ તજીરે, સંયમ શ્રી વરી શુભવાન, ક્ષપક શ્રેણિ શુભ ધ્યાને ચઢીરે, પ્રભુ પામ્યા કેવળજ્ઞાન ॥ સ્વા૦ ૨ ॥ અનીહાંરે દોષ અઢાર રહિત પ્રભુરે, ચાર મુળ અતિશય ધાર, ઓગણીસ કૃત દેવ જાણીયેરે, કર્મ ક્ષયથી હોયે અગીઆર ॥ સ્વામી૦ ૩ ॥ અનીહાંરે પુહવી મંડલ વિહરતારે, રાગ રહીત ને ગુણ ગંભીર, સ્વામો અભીનવો સાયરૂરે, સમતા રસ નિર્મલ નીર. ॥ સ્વામી૦ ૪ ॥ અનિહાંરે દેશના અમૃત લહરી અતી ઘણીરે, કાંઈ યોજન વાણી તે ગાજ, ક્ષમાદિક નદી બહુ મલીરે; ભવી જલ જંતુ હિત કાજ. ॥ સ્વામી૦ ૫ ॥ અનીહાંરે ગણુ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર મેઘ સોહામણારે, ત્રીપદી લહે સલીલ સનુર, સંયત ક્ષેત્રમાં વરસતારે, નિત્ય સંપત્તિ પુન્ય પડુર. ॥ સ્વામી૦ ૬ ॥ઈતિ॥

મંત્ર—ॐ ह्रीं श्रीं परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्युनिवारणाय श्रीमते रुषभाननजिनवराय जलादिकं यजामहे स्वाहा ॥

## ॥ અથ શ્રી અનંતવિર્ય જિન પૂજા ૮ મી.॥

### ॥ દુહા. ॥

મેઘ નરેશ્વર મંગલા, નંદન પદ માતંગ,
નીજ ભાવે વરતે સદા, કેવલ કમલા રંગ. ૧.
નિત્યાદિક ભાવે રમે, અનંતવીર્ય જિનદેવ,
કુસુમાદિકથી પૂજતાં, વંછીત ફલ સુખ હેવ. ૨.

**ઢાળ. ભક્તિ સુધારસ ઘોળનોરે.** એ દેશી.

અનંત વીર્ય જિન વંદનારે, દીન પ્રતે સો સો વાર, ધર્મ લાભ ઘો સાહિબારે, મોહત વધારણ હાર હો જીનજી ॥ તેજે તરણીથી વડોરે, દોય શીખાનો દીવડોરે, અનંતવીર્ય જિન ભાણ. ૧. ॥ અતિ દુર્બલ મન માહરૂંરે, તોપણ રાખું તોય, મોટો મન પ્રભુ તુમ તણોરે, કેમ નવી રાખો મોય હો જિનજી ॥ તે.૨॥ મોહ માયાદિ વશ પડયોરે, આતમ આપ ન બુઝ, દરપણે નિજ પ્રતિ બિંબથીરે, કુકડ પેરે કરે જુઝ હો જિનજી ॥તે. ૩॥ પ્રભુની વાણી સુર ગવિરે, અનુપમ અમૃત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દુધ, ભવ દુઃખ સવિ દૂરે ટલેરે, પીતાં સમકીત શુદ્ધ હો જિનજી ॥ તે.૪॥ જીરણ હોય મુજ દેહડીરે, પ્રીત ન જીરણ જોય, વાઘો વિણસે જરકસીરે, સોનું શ્યામ ન હોય હો જિનજી॥ તે. ૫ ॥ સંદેશો કુણ પોંચવેરે, કાગળ દેવું કોણ હાથ, બુદ્ધિવિજય નિત્ય જાણજોરે, ચિત્ત તુમારી સાથ હો જિનજી ॥ તે. ૬ ॥ ઇતિ ॥

મંત્ર—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्युनिवारणाय श्रीमते अनंतवीर्य जिनवराय जलादिकं यजामहे स्वाहा ॥

## ॥ અથ શ્રી સુર પ્રભ જિન પૂજા ૯ મી. ॥

### ॥ દુહા. ॥

વિજય મહિપતી નીપન્યો, વિજયાવતી સુનંદ,
વાજી લંછન સોહતો, વિચરે શ્રી જિનચંદ. ૧.
સૂર તેજ સમ સુર પ્રભુ, પરિસહ સેને શૂર,
સ્થિર ચિત્તે પ્રભુ સેવતાં, પામે પુન્ય પડુર. ૨.

### ઢાળ હો મન માન્યા મોહનજી. એ દેશી.

મુનિ મન મંદિરનો દીવોરે, હો મન માન્યા સાહેબજી, શ્રી સુર પ્રભ જિન ચિરંજીવોરે, હો૦ સમતા ચારિત્રનો નીવો રે, હો૦ જ્ઞાન દરીશન અમૃત પીવોરે, હો૦ ૧ ॥ હિંસા અનુબંધ હેતુ સરૂપરે, હો૦ દેવ ત્રિવિધ અહિસંકરૂપરે, હો૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીકલંકી અનંતી આથરે, હો૦ નિજ બિરૂદ સંભારી નાથ રે, હો૦ ૨ ॥ પ્રભુ આલંબન શુભ રાજરે, હો૦ ઉપાદાન સમારૂ આજરે, હો૦ પરમાતમ પુરણાનંદરે, હો૦ વળી શાશ્વત ચરણનો કંદરે, હો૦ ૩ ॥ નિક્ષેપા ચાર તે માનુરે, હો૦ નય સાતને ભંગ પ્રમાણુરે, હો૦ ઉદયાચલ આશય શુદ્ધરે, હો૦ ઉગ્યો સુર પ્રભ સ્વયંબુદ્ધરે, હો૦ ૪ ॥ કંઈ મૈત્રી પ્રમોદ મન ધારીરે, હો૦ કરૂણા મધ્યસ્થ વિચારીરે, હો૦ તુજ દરીશન માનું ધન્યરે, હો૦ જડ ચેતન ભિન્ના ભિન્નરે; હો૦ ૫ ॥ કેઈ તાર્યા સંસાર સેતીરે, હો૦ અમને પણ આશા એતીરે, હો૦ શ્રદ્ધા સંવેગે ભરીએરે, હો૦ બુદ્ધિ નિત્ય પદ અનુસરીએરે, હો૦ ૬ ॥ ઈતિ ॥

મંત્ર—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्युनिवारणाय श्रीमते सुरप्रभ जिनवराय जलादिकम् यजामहे स्वाहा ॥

## ॥ અથ શ્રી વિશાલ જિન પૂજા, ૧૦ મી ॥

### ॥ દુહા. ॥

ભદ્રાદરિ કેસરી ભયો, નાગ ભૂપ સંજોગ,
રાજ રમણી સહુ છાંડીને, લીનો સાધ સંયોગ. ૧.
પૂરણ સાધનતા કરી, પામ્યો પૂર્ણાનંદ,
જિન વિશાલ પદ પુજતાં, લહીએ પરમાનંદ. ૨.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઢાળ. જિનપદ જપીએ, જિનપદ ભજીએ. એ દેશી

શ્રી વિશાલ જિન વંદન કીજે, અનુભવ અમૃત પીજે મિથ્યાત અવ્રત જોગ કષાય, તે સવિ દુરે છીજે. શ્રી. ૧ ॥ ધર્માધર્મ આકાશ અચેતન, તેહુવી જાતી અગ્રાહ્ય, પુદ્‌ગલ ગ્રહે વર કર્મ કલંકતા, વાધે બાધક બાહ્ય. શ્રી. ૨ ॥ તેણે ભવ ભમતાં નાટક કીધાં, વેશમે સાર અસારો, મુજ- રો માનો સંપત્તિ આપો, નહિ તો નૃપતિ નિવારો. શ્રી. ૩ ॥ અંતરધ્યાન મીઠાઇ ચખાવી, હેલવીયો હું બાલ, સંપુ- રણ દર્શન વિણ સ્વામી, ન તજું ચરણ ત્રિકાળ. શ્રી. ૪ ॥ આરોપીત સુખ ભ્રમ ટળે સવી, સામગ્રી સંયોગ, ઉપાદાન કારજ નીપજસે, કરતા તણે પ્રયોગ. શ્રી. ૫ ॥ નીરાગીથી રાગ જોડવો, ચેતન શક્તિ પ્રકાશ, અપ્રશસ્ત ટાલી પ્રશ- સ્તતા, ધરતા આશ્રવ નાશ. શ્રી. ૬ ॥ સંવર વાધે બંધ ન બાધે, નિર્જરા મોક્ષને સાધે, બુદ્ધિ વિજય નિત્ય જિનવર સેવા, કરતાં ગુણ ગણ વાધે. શ્રી. ૭ ॥ ઈતિ ॥ મંત્ર ॥

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान श- क्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते विशाल जिनवराय जलादिकं यजा महे स्वाहा ॥

## ॥ અથશ્રી વજ્રધર જિનપૂજા. ૧૧ મી. ॥

### ॥ દુહા ॥

શંખ લંછન તનુ કનક સમ, ભુપ પદ્મરથ યોગ,
સરસ્વતિ કુખે જનમીયો, ખેટક સકલ સુયોગ. ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોહ મલ્લભણી વજ્રસમ, શ્રી વજ્રધર જિનરાય,
ભવ તરૂ મૂલ ઉચ્છેદવા, અંતર બાહ્ય ઉપાય. ૨

**ઢાળ. ચારિત્ર પદ શુભ ચિત્ત વસ્યુ. એ દેશી.**

શ્રી વજ્રધર જિન પૂજીએ, અતિ ઉલસીત હો નિત્ય હર્ષ અપાર કે, દહ તીગ અભિગમ સાચવી, ધરી નિશ્ચલ હો મન વચ તનું કાય કે, શ્રી વજ્રધર જિન પૂજીએ. એ આંકણી. ૧ ।। દ્રવ્ય પુજા અંગ અગ્રથી, વલી ભાવથી હો કહી વિવિધ પ્રકાર કે, તુરીય ભેદ પ્રતિ પ્રતીથી, ઉત્તરાધ્યયને હો સમ્યગ્ અધિકાર કે, શ્રી. ૨ ।। એહનું ફલ દોય ભેદથી, અનંતરને હો પરંપર સાર કે, ચિત્ત પ્રસન્ન આણા પાળતા, સુર પ્રથમે હો બીજે ભવ પારકે, શ્રી. ૩ ।। પ્રથમ અંગ નિર્યુક્તિમાં, નીતું કરતાં હો અવિવેકતા જાય કે, શમ રસ સાધકતા સજે, બહિરાતમ હો ત્યાગ અંતર પાય કે, શ્રી. ૪ ।। મુખ્યપણે પરમાતમા, આલંબનથી હો આપ સિદ્ધિ કહાય કે, વસ્તુ તત્વ અવલોકતા, નિત્ય રિદ્ધિ હો અનંતી જણાય કે, શ્રી. ૫ ।। ઇતિ મંત્ર ।।

**ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते वज्रधर जिनवराय जला-दिकं यजामहे स्वाहा ।।**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી ચંદ્રાનન જિનપૂજા ૧૨ મો. ॥

### ॥ દુહા ॥

નૃપ વાલ્મીક પદ્માવતી, નંદન ગુણુ અભિરામ,
વૃષભાંક્તિ કેવલ લહી, પૂરી વિનીતા ઠામ. ૧

કર્મ તપત ભવ જંતુને, શશી કૌમુદિ સમાન,
શ્રી ચંદ્રાનન જિનવરૂ, પૂજો જ્ઞાન નિધાન. ૨

### ઢાળ. સંજમ રંગ લાગ્યો. એ દેશી.

શ્રી ચંદ્રાનન સેવીયેરે, કીજે એહ શું પ્રીત, સાહેબ રંગ લાગ્યો. બ્રહ્મ મુહર્ત જે પ્રાતનો રે, તીહાં કીજે એ રીત. દરશન રંગ લાગ્યો, રંગ લાગ્યો ચોળ મજીઠ, જિનશ્યું રંગ લાગ્યો. એ આંકણી. ૧ ॥ આલસ નિદ્રા બેઉ તજીરે, આતમ ચિંતક હોય, સા.॥ સ્થિર મન તનું વચને કરીરે, જ્ઞાન નયને કરી જોય, દ. ॥૨॥ હું કોણુ કીહાંથી આવીયો રે, કુણુ છે માહરો રૂપ, સા.॥ મીત્ર શત્રુ કોણુ માહરેરે, મોહ માયા એ કુપ, દ. ॥૩॥ દ્રવ્ય નયે આતમ આતમારે, એક નિશ્ચય નહિ ભેદ, સા.॥ વ્યવહારે બહુ ભેદ છે રે, તિણુ માંહે ભવ ખેદ, દ. ॥ ૪ ॥ પરમારથ સાધન ભણીરે, કીજે એહ ઉપાય, સા.॥ જન્મ જરા દુ:ખ મેટીએરે, જ્ઞાન લબ્ધિ સિદ્ધ થાય, દ. ॥૫॥ આતમનો અનુભવ હોવે રે, પાપ તિમિર દુ:ખ દુર, સ.॥ બુદ્ધિ વિજય નિત્ય સેવતાં રે, સાસ્વત સુખ ભરપૂર, દ. ॥ ૬ ॥ ઇતિ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંત્ર ॥—ॐ ह्रीँ श्रीपरमपुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते चंद्रानन जिनवराय जलादिकम् यजामहे स्वाहा ॥

## ॥ અથ શ્રી ચંદ્રબાહુ જિનપૂજા ૧૩ મી. ॥

### ॥ દુહા ॥

ભૂપતિ દેવા નંદનો, મહશ્રી રેણુંકા ખ્યાત,
પદ્મમાંક્તિ શુભ વાસરે, જનમ્યો કનક શ્યું ગાત. ૧
શ્યાદ્ વાદ ભાવે કરી, ચઉ વિહ ધર્મ કહંત,
ચંદ્ર બાહુ જિન પુજીએ, જીમ પામો મન ખંત. ૨

### ॥ ઢાળ તેરમી ॥

॥ રાગ માઢ દીપચંદી, ॥

ચંદ્રબાહુ સ્વામી ગુણ મણી ખાણી તું ધણી, સાહેબજી ॥ તુજ ગુણ ગણ ગાઉ અવર ન ધ્યાવુ નિગુંણી, સા૦॥ પ્રભુ સુરતરૂ સરીખો પરખ્યો જીમ ચિંતામણી, સા૦॥ મન વાંછિત દાતા કિર્તિ વિખ્યાતા તુમ તણી, સા૦ ॥ ૧ ॥ પ્રભુ દીઠો મીઠો પરમ સમાધી રસે ભર્યો, સા૦ ॥ તિણે ભાસ્યો આતમ સ્વરૂપ અનાદીનો વિસર્યો, સા૦ ॥ સમગ્ર વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો, સા૦ ॥ હવે સત્તા સાધન માર્ગ ભણી હું સંચર્યો, સા૦ ૨ ॥ પ્રભુ જાણગ રીતે સર્વ જગતને દેખતા, સા૦॥ પર પરિણતી ભાવ અદ્વેષ પણે ઉવે-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખતા, સા૦।। નીજ પરિણુતી ભાવે ગુણ અનંત ગવેખતા, સા૦।। પ્રભુ આણુંદકારી ગુણી ગુણ ધારી લેખતા, સા૦ ૩ ।। ગુણ સહજ તુમારો જાણી માહરો આતમ, સા૦।। ઉલ્લસી ઓસરીઓ છાંડી અવર તણી તમા, સા૦ ।। તુજ ચરણે વલગ્યો નવી રહુ અલગો તુજથી, સા૦ ।। તો શ્યો હવે રાખો અંતર ભાખ્યો મુજથી, સા૦ ।। ૪ ।। પ્રભુ મુદ્રા યોગે ધ્યાન અભોગે રૂચી વધે, સા૦ ।। તે રૂચી અનુજાઇ વીર્ય ચરણ ધારા સધે, સા૦ ।। બુદ્ધિ વિજય નિત્ય જાણી ભાવે સેવા જે કરે, સા૦ ।। તે નીજ ગુણ કામી આતમરામી નીસ્તરે, સા૦ ।। ૫ ।। ઇતિ ।।

મંત્ર—ॐ ह्रीँ श्रीँ—परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते चंद्रबाहु जिन वराय जलादिकम् यजा महे स्वाहा ॥

## ।। અથ શ્રી ભુજંગ જિન પૂજા ૧૪ મી. ।।

### ।। દુહા ।।

મહાબલ મહીમા સરવરે, વિમલ મરાલ સમાન,
પદ સરોજ લંછન ભલો, જિન વિચરે પરધાન. ૧
સમવસરણ સિંહાસને, દ્વાદશ પર્ષદા માંહ્ય,
શ્રી ભુજંગ જિન દીપતો, પૂજો ભવિક ઉછાંહ. ૨

**ઢાળ. ભવિયણ વંદોરે સુરીશ્વર ગચ્છરાયા. એ દેશી.**

જય પરમેશ્વર જગદાનંદન, જય જગ વલ્લભનાથ, જય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્રિભૂવન એક મંગલ રૂપી, જય તુ શીવપુર સાથ ।। ભવિ-
ચણ વંદોરે ભુજંગદેવ જિણુંદા, દુરિત નિકંદોરે ભુજંગ
જિન પ્રણમંતા ।। એ આંકણી. ૧ ।। જય યોગીશ્વર સેવીત
પદકજ, જય ઇંદ્રિય ગજ સિંહ, જય દુરજય નીરજીત
કંદર્પહ, જય તું અકલ અબિહ ।। ૨ ભ૦ ।। જય ભવિ
કમલ વિકાસક દીનકર, જય સુરનર નત પાય, જય મન
વાંછિત પૂરણ સુરગવિ, જય તું અમલ અમાય ।। ભ૦ ૩ ।।
જય પારંગત જય નિઃકલંકી, જય સ્યાદ્વાદ સ્વરૂપી, જય
ગુણ રહીત ગુણાકર સ્વામી, જય અશરીર અરૂપી ।। ભ૦
૪ ।। જય ગત રાગ દ્વેષ ગત વેદો, જય ગત રોગ ને શોગ,
જય ગત માન મત્સર રતિ અરતિ, જય ગત ભોગ વિયોગ
।। ભ૦ ૫ ।। જય સર્વજ્ઞ અને સર્વદર્શિ, જય તું ચરણ
અનંત, જય અપુનર્ભવ જય જપ નિરૂપમ, જય ભગવંત
ભદંત ।। ભ૦ ૬ ।। જય જગ બંધવ જય જગ રક્ષક, જય
નિરીહ નિઃસંગ, જય શાસ્વત સુખ અવ્યા બાધક, જય નિજ
આતમ રંગ ।। ભ૦ ૭ ।। જય ગુણ અનંત અલ્પ મુજ
બુદ્ધિ, જય જીનવર કિમ કહીએ, બુદ્ધિ વિજય નિત્ય ધ્યાને
ધ્યાતાં, પરમાનંદ પદ લહીએ ।। ભ૦ ૮ ।। ઇતિ ।।

મંત્ર ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान सक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते भुजंग जिनवराय जलादिकं यजामहे स्वाहा ।।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat        www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી ઇશ્વરજિન પૂજા. ૧૫ મી. ॥

॥ દુહા ॥

દંતિસેન મહિપતિ ભલો, માત જસોદા નંદ,
ચંદ્રાંકિત ઈશ્વર પ્રભુ, દીપે તેજ દીણંદ. ૧
ગુણ અનંત જિનવર તણા, દયા કુશળ ભંડાર,
જ્ઞાન દાન દાતા ભણી, હું પ્રણમું સુખકાર. ૨

### ઢાળ. ત્રિશલાનંદન ચંદન શીત. એ દેશી.

ઈશ્વર જિનવર પરમ આધાર, કર્મ કલંકનો ટાલણ હાર, સ્વામી સેવીયે ॥ આતમ ગુણ અનુભવથી મેલાપ, દ્રવ્ય સેવન તે ભાવ આલાપ, સ્વા૦ ૧ ॥ ભાવ અભેદ થવાની હામ, પરભાવે નહિ સાધન કામ, સ્વા૦ ॥ નઈગમ પ્રભુતા અંશથી અંબ, સંગ્રહ નય સત્તા અવલંબ, સ્વા૦ ૨ ॥ દ્રવ્યાદિક વ્યવહારે બુદ્ધ, રૂજુ સૂત્રે પરિણામ વિશુદ્ધ, સ્વા૦ ॥ શબ્દ શુકલ ધ્યાને આરોહ, સંભીરૂડ ગુણ દશમે અમોહ, સ્વામી૦ ૩ ॥ એવંભૂત શુદ્ધ ધર્મ વિશેષ, ભાવ સયોગી અયોગી શૈલેશ, સ્વા૦ ॥ અંત મધ્ય ગુણ ઠાણે શક્ત, સાધનતાએ નિજ ગુણ વક્ત, સ્વા૦ ૪ ॥ આતમ ભાવે અનંતર વર્ગ, દ્રવ્યથી ભાવ સેવન નીસર્ગ, સ્વા૦ ॥ ઇશ્વર સેવા તન્મય તાન, બુદ્ધિ વિજય નિત્ય પામે જ્ઞાન, સ્વા૦ ૫ ॥ ઇતિ ॥

મંત્ર—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते इश्वर जिनवराय जलादिकं यजामहे स्वाहा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી નમીપ્રભજિન પૂજા ૧૬ મી ॥

### ॥ દુહા ॥

ભૂપતિ વીરસેના તણો, નંદન જગ વિખ્યાત,
સહસ કીરણ સેવા મીષે, જસુ વિલસે પદ ગાત. ૧.
ભવો દધીથી જન તારવા, શ્રી નમી પ્રભ જિન ચંદ,
કાષ્ટ પોત સમ જાણીએ, સેવે સુરનર ઇંદ. ૨.

### ॥ ઢાળ. જુમખડાની દેશી. ॥

નમી પ્રભુ નમી પ્રભુ વિનવુંરે, ભરતક્ષેત્ર અવદાત, જિનેશ્વર પૂજીએ ॥ દુષમકાળ માનવ પણુંરે, જ્ઞાની વીરહુ તે થાત જિ૦ ગચ્છ કદાગ્રહ સાચવર, ઊપદેશક એકાંત, જિ૦ ૨ ॥ શીલ રહીત પરવંચકારે, ભદ્રક પણ ગુરૂ કર્મ, જિ૦ આણા સાધ વિના ક્રિયારે, લોકે માન્યો ધર્મ, જિ૦ ૩ ॥ આતમ ગુણ અકષાયતારે, દુલહો સાધન દાવ, જિ૦ જાણો છો જિનરાજજીરે, એ સઘલો પરભાવ, જિ૦ ૪ ॥ તત્વાગમ જન થોડલારે, અધ્યાતમ અવબોધ, જિ૦ આગમ સદ્ગુરૂથી સુણીરે, ભાવે આશ્રવ રોધ જિ૦ ૫ ॥ નાથ ચરણ વંદન તણોરે, મનમાં ઘણો ઉમંગ, જિ૦ બુદ્ધિ નિત્ય ધ્યાને મિલેરે, પ્રભુ સેવનનો સંગ, જિ૦ ૬ ॥ ઇતિ ॥

મંત્ર—ૐ ह्रीं श्रीं परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते नमीप्रभ जिनवराय जलादिकं यजामहे स्वाहा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat        www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી વીરસેનજિન પૂજા ૧૭ મી ॥

### ॥ દુહા ॥

ભાનુસેન નૃપ નંદલો, ભાનુમતિ સુત જાણ,
જસુ પદ સેવે વૃષભ વર, કનક વરણ તનુ માન. ૧
ચિદાનંદ ચિત્ત ચાહસું, પ્રણમુ પરમ ઉલ્લાસ,
તેજે તમસ જીત્યા જેણે, લોકાલોક પ્રકાશ. ૨

**ઢાળ. ધન ધન તે જગ પ્રાણીઆ મન મોહન મેરે. એ દેશી.**

તુમ હમ મેળે એકઠે, મન મોહન મેરે, આગું કાલ અનંત, મ૦ ॥ શીઘ્રપણે કેમ સાહીબા, મ૦ ॥ આપ હુવા ભગવંત, મ૦ ૧ ॥ સમવસરણ રચે દેવતા, મ૦ ॥ તે કહું કાંઇ પ્રકાર; મ૦ ॥ વાયુકુમાર જોજન લગે, મ૦ ॥ અપહરે તૃણ સંહાર, મ૦ ૨ ॥ મેઘકુમર તિંહા વરસતા, મ૦ ॥ સુરભી શીતલ નીર, મ૦ ॥ રૂતુ સુર વરસે કુસુમને, મ૦ ॥ પંચ વરણના રૂચીર, મ૦ ૩ ॥ રયણ પ્રકાર વિમાનીયા, મ૦ ॥ બીજો કનક પ્રકાર, મ૦ ॥ જ્યોતિષી સુર વિરચે તિહાં, મ૦ ॥ હવે ત્રીજો ઘડ સાર, મ૦ ૪ ॥ રજતનો ભુવનપતિ કરે, મ૦ ॥ હવે વ્યંતર કરે કામ, મ૦ ॥ દ્વાર પ્રતે તોરણ ઠવે, મ૦ ॥ મધ્ય અશોકાભિરામ, મ૦ ૫ ॥ ભ્રમર ખીંચાણા લોભસું, મ૦ ॥ કુસુમ ભરે નમી ડાલ, મ૦ ॥ રયણ સિંહાસને મંડીયા મ૦ ॥ પાદપીઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુવિશાલ, મ૦ ૬ ॥ તીન છત્ર શિર ઉજળા, મ૦ ॥ આપે આણુંદ ઠાણુ, મ૦ ॥ ત્રિભૂવન નાથ છે સાહિબો; મ૦ ॥ બુદ્ધિ નિત્ય ગુણ ખાણ, મ૦ ૭ ॥ ઇતિ ॥

**મંત્ર—ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते वीरसेन जिनवराय जलादिकं यजामहे स्वाहा ॥**

## અથ શ્રી મહાભદ્રજિન પૂજા ૧૮ મી ॥

॥ દુહા ॥

ભૂપ દેવ મહિપતિ ઉમા, નંદન જગ પરસીદ્ધ;
પદતલ લંછન ઇભ્યનું, શીવરમણી વશ કીધ. ૧
નિશ્ચય નય નિજ ગુણ કરી, સદા બિરાજે જેહ;
આતમ અવિકારી અચલ, વ્યવહારે ધરે દેહ. ૨

**ઢાળ. એક દિન પુંડરીક ગણધરૂરે લાલ એ દેશી.**

પ્રણમો મહાભદ્ર જીનવરૂરે લાલ, પર્ષદા સેવે પાય રે હું વારી લાલ, પૂરવ દ્વારથી પેસીનેરે લાલ, તીર્થ નમે જીનરાયરે હું વારી લાલ, પ્રણમો મહાભદ્ર જિનવરૂરે લાલ ૧ ॥ બેઠા પ્રદક્ષણા દેઇનેરે લાલ, પૂરવ સનમુખ નાથ રે હું૦ ॥ સિંહાસન રતને જડયોરે લાલ, યોગમુદ્રા ધરી હાથ રે હું૦ ૨ ॥ પ્ર૦ ॥ ત્રિહુદિશે જિનવર સારીખારે લાલ, પ્રતિબિંબ ધરે વિખ્યાતરે હું૦ ॥ ધુપ ઘટી તિહાં મહમહે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રે લાલ, આવશ્યકે ઘણી વાતરે હું૦ ૩ ॥ પ્ર૦ ॥ કુમતિ મદ જેહથી ગળેરે લાલ, જિનવર સમ દેખાયરે હું૦ ॥ ચામર ઢાળે ચિહું દિશેરે લાલ, નિર્મળ તિંહા સુર રાયરે હું૦ ૪ ॥ પ્ર૦ ॥ પેસે પૂરવ બારણેરે લાલ, મુનિ વૈમાનીક નારરે હું૦ ॥ સાધવી તેમ પ્રણમી કરીરે લાલ, અગ્નિ કુણે અધિકારરે હું૦ ૫ ॥ પ્ર૦ ॥ ભૂવનપતિ વણ જ્યોતિષીરે લાલ, તેહુની દેવી જેહરે હું૦ ॥ પેસે દક્ષિણ બારણેરે લાલ, લાલ, નૈરૂત ઉભી તેહરે હું૦ ૬ ॥ પ્ર૦ ॥ ભૂવનપતિ વણ જ્યોતિષીરે લાલ, પેસે પશ્ચિમ દ્વારરે હું૦ ॥ વાવ્ય કુણે તે ઉપવિશેરે લાલ, જિનને કરી નમસ્કારરે હું૦ ૭ ॥પ્ર૦ ॥ વૈમાનિક સુર તિમ વળીરે લાલ, નરને નરની નારરે હું૦ ॥ પેસે ઉત્તર બારણેરે લાલ, બેસે ઇશાન કુણ ઠારરે હું૦ ૮ ॥ પ્ર૦ ॥ અભિનવ દેવ અઢારમોરે લાલ, પ્રણમુ આશય સારરે હું૦ ॥ બુદ્ધિવિજય નિત્ય ધ્યાનથીરે લાલ, પામે ભ-વનો પારરે હું૦ ૯ ॥ પ્ર૦ ॥ ઇતિ ॥

મંત્ર—ॐ—ह्रीं—श्री परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते महाभद्र जिनवराय जलादिकं यजामहे स्वाहा. ॥

## ॥ અથ શ્રી દેવજસા જિન પૂજા. ૧૯મી. ॥

### ॥ દુહા.

સર્વ ભુતી નૃપ વલ્લભો, ગંગા નંદન માન,
સેવા મિષ ઉડુપતિ રહ્યો, પદ તલ રેખા જાણ. ૧.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદાસીનતા પરીણુમન, જ્ઞાન ધ્યાન રંગ રોલ,
આઠ અંગ મુનિ યોગ કે, એ અમૃત નીચોળ. ૨.

**ઢાળ. તીરથની આશાતનાં નવી કરીએ.** એ રાગ.

દેવજસા જિનરાજને નિત્ય વંદો, હાંરે નિત્ય વંદીને પરમાણંદો, હાંરે એ છે શીવતરૂ સુખનો કંદો, હાંરે ભવતરણુ જહાજ, દે૦ ૧ ॥ ત્યાસી લાખ પૂરવ રહ્યા ગૃહ ભાવે, હાંરે પછે સંજમ ર્યું દીલ લાવે, હાંરે કર્મ ઘાતીયા ચાર ખપાવે, હાંરે પામ્યા કેવળજ્ઞાન, દે૦ ૨ ॥ પુષ્કર અર્ધ ચોવીસમી વીજયામે, હાંરે વછ્છ નગરી સુશીમા નામે, હાંરે નામ ગોત્ર ત્રણે ક્ષય કામે, હાંરે વિચરે ભગવાન, દે૦ ૩ ॥ શ્રુતધર ગણુધર જેહુને ચોરાસી, હારે દશ લાખ કેવળી અવીનાશી, હાંરે ત્રણુ જોડ થઈ જીત કાશી, હારે કરશે શીવપુર વાસ, દે૦ ૪ ॥ સાધુ સો ક્રોડ વિચરતા પ્રભુ ચરણે, હાંરે નિત્ય પ્રણુમુ જોડી કરને, હાંરે ગુણુગ્રામ કરૂં તરૂ શરણે, હાંરે ટલે દુષ્કૃત પાપ, દે૦ ૫ ॥ દ્વાદશાંગી પણુ શાશ્વતી શ્રુતવાણી, હાંરે વિજયા એકસોને સાઠ વખાણી હાંરે કહે ગણુધર કેવળ નાણી, હાંરે બુદ્ધિ નિત્ય ગુણુ ખાણુ, દે૦ ૬ ॥ ॥ ઇતિ ॥

મંત્ર—ॐ—ह्रीँ—श्रीँ **परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्म जरा मृत्यु निवारणाय श्रीमते देवजसा जिनवराय जलादिकं यजामहे स्वाहा। ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ॥ અથ શ્રી અજિતવીર્ય જિન પૂજા. ૨૦મી. ॥

### ॥ દુહા. ॥

રાજપાલ નૃપ ગેહુની, કનિકા સુત અભિરામ,
સ્વસ્તિક લંછન દીપતો, પુરી વિનીતાનો સ્વામ. ૧.
પુન્ય પાપ થાયે નહિ, અનુપમ જ્યોતિ અભંગ,
જન્મ કહો યોગીશ્વરે, ઉદાસીનતા સંગ, ૨.

### ઢાળ. રાગ ધન્યાશ્રી.

અજિતવીર્ય જિન પૂજોરે ગુણીજન, અજીત અજીત ગુણ જાસ. એ આંકણી. જતના સ્નાને મિથ્યાત્વ ટાલો, ઉજ્વલ ચિત્ત વસ્ત્ર ધારો, અષ્ટ કર્મ સંવર મુખ કોષે, એકાગ્ર ઓરસીયો સારોરે, ગુ૦ અ૦ ૧ ॥ ભક્તિ કેસર શ્રદ્ધા ચંદન, ધ્યાન ધર્મ રંગ રોળ, ભાલ તિલક આણા પ્રભુ તારી, સ્વભાવાભ્રમણ બહુ મોલરે, ગુ૦ અ૦ ૨ ॥ જે નવ વાડ વિશુદ્ધ અંગ પૂજા, આચાર પચરંગી ફુલ, જ્ઞાન દીપક નય ચિંતા ઘૃતથી, તત્વ પાત્ર બહુ મૂલરે, ગુ૦ અ૦ ૩ ॥ ધુપ ક્રીયા કૃષ્ણાગર જોગે, [1]વાસના અનુભવ ભોગે, મંગલ અષ્ટ બુદ્ધિ ગુણ ધારી, [2]મન નૈવેદ્ય અનુયોગેરે, ગુ૦ અ૦ ૪ ॥ આરતિ કૃત્રિમ ધર્મ ઉતારી, [3]ધર્મ તે મંગલ દીપ, ગીત વાજીંત્ર અનાહુદ નાદે, થૈકાર સમરતી જીપરે, ગુ૦ અ૦ ૫ ॥ વિહરતા જિન ધ્યાવો ગુણ ગાવો, પચરંગી

નોટ–૧ શુદ્ધ વાસના ૨ નિશ્ચળ મન ૩ શુદ્ધ ધર્મ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુષ્પ મીલાવો, પોશ ભરી ભરી પ્રભુને વધાવો, ગુણુ અનંત દીલ લાવોરે, ગુ૦ અ૦ ૬ ॥ એણી પેરે પ્રભુની ભક્તિ કરંતા, નર ભવ લાહો લીજે, બુદ્ધિવિજય નિત્ય ધ્યાન ધરંતા, તત્વ અમૃત રસ પીજેરે, ગુ૦ અ૦૭ ॥ઇતિ॥

मंत्र—ॐ–ह्रीँ–श्रीँ परम पुरुषाय परमात्मने अनंतानंत ज्ञान शक्तये जन्मजरामृत्यु निवारणाय श्रीमते अजितविर्य जिनवराय जलादिकं यजामहे स्वाहा. ॥

## ॥ અથ કલસ ॥

થુણીયા થુણીયારે મેં વિરહમાન જિન થુણીયા, એ આંકણી. ગણધર મુનિવર સંઘ પ્રમાણે, સમોવસરણ વિરચાયો, જંગમ તીરથ અડચત ગુણુ જડી, આણા મુગટ ધરાયોરે, મેં૦ ૧ ॥ તપ ગચ્છપતિ વિજયસિંહ સૂરીના, સત્ય વિજય ગુણ ભૂપ, કપુર વિજય તસ ખિમાવિજય વર, જિન ઉત્તમ પદ રૂપરે, મે૦ ૨ ॥ કિર્ત્તિ તપ મણી બુદ્ધિ વિજય ગુરૂ, નિતિવિજય તસુ ભકતે, જિનવર પૂજા તે નિજ પૂજા, પ્રગટે અન્વય શકતેરે, મેં૦ ૩ ॥ તત્વ ઇંદુ નિધિચંદ્ર સંવત્સર, સુરત રહી ચોમાસ, કતાર ગામ આદિનાથ પ્રાસાદે, ઉધમ ભાવ ઉલ્લાસરે, મેં૦ ૪ ॥ નેવું જિન કલ્યાણક દિવસે, આતમ આપ ઠરાયા, પ્રભુ ગુણ ગણ મુક્તાફળ માળા, સંઘને કંઠે સોહાયારે, મેં૦ ૫ ॥ ઇતિ ॥

**श्री नितिविजयजी कृत वीस विहरमान जिन पूजा संपूर्ण.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી 'રસીક'

# સત્તર ભેદી પૂજા.

મહાન્ પૂર્વાચાર્યોની કૃતી ઉપરથી ચાલુ દેશીઓમાં
સરળ શૈલી પ્રમાણે
અનુવાદ કરનાર

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર.

## ઝવેરી ભોગીલાલ ધોળશાજી.

મુ. અમદાવાદ.

આવૃતિ બીજી.

સંવત ૧૯૮૨—સને ૧૯૨૫.

અમૂલ્ય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સૂચના.

સ્નાત્ર ભણાવી દરેક પૂજા ભણાવાય છે તેવીજ રીતે આ પૂજા સ્નાત્ર ભણાવ્યા પછી શરૂ કરવી, અને દરેક પૂજા પૂર્ણ થાય એટલે, ૐ હ્રીં શ્રી પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં યજામહે સ્વાહા: એ મંત્ર બોલવો, પરંતુ જલને બદલે ચંદનની પૂજામાં ચંદનમ્ યજામહે સ્વાહા: એમ જે દ્રવ્યની પૂજા પૂર્ણ થાય તે દ્રવ્યનું નામ બોલવું ઇતિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्री ११

रसीक विरचित

# श्री सत्तरभेदी पूजा प्रारंभ.

ॐ श्री संखेश्वर पार्श्वनाथाय नमः

## दोहरा.

श्री संखेश्वर साहीबा, सुरतरु सम दातार;
इच्छित सुख दायक वीभु, द्यो आश्रय सुखकार. १
अलख निरंजन जिनपति, अविचळ पदवी धार;
अजरामर अरिहंतजी, अरज करो स्वीकार. २
प्रभु तुज मुख कमळे वसे, कविजन जननी जेह;
ते श्री भगवती भारती, दे शुभ मति गुण गेह. ३
सकल जिनेश्वरनी रचु, पूजा सत्तर प्रकार;
भणता भवियण भावशुं, होवे भव निस्तार. ४
न्हवण[1] विलेपन[2] वस्त्रनी,[3] वास[4] कुसुम[5] फुलमाळ;[6]
सुरभी सुशोभीत सुमन[7] तेम, चूर्ण[8] ध्वजा[9] सुविशाळ. ५
सुंदर आभुषण[10] वळी, पुष्पसदन[11] फुलमेह;[12]
अष्टमंगळ[13] धुपदीपनी,[14] पूजा शिवपद नेह. ६
गीतगान[15] नाटक[16] तणी, वाजींत्र[17] पूजा सार,
सुरनर पेरे श्रावक करे, जीम कही सूत्रमेझार. ७

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઢાળ.

મનમંદીર આવોરે કહુ એક વાતલડી—એ દેશી.

જિન પૂજન કરીએરે, વિવિધ જળ કળશ ભરી;
ભવ સાયર તરીએરે, કર્મમળ દૂર હરી. જિન. ૧
તીર્થોદક લાવીરે, માગધ વરદામ તણું;
સુર સરીતા સિંધુરે, વળી ક્ષીર સાગરનું. જિન. ૨
માંહે મૃગમદ ભેળીરે, ઔષધિ મીશ્ર કરી;
પ્રભુને નવરાવેરે, અમર અતિ ભાવ ધરી. જિન. ૩
દમયંતી દ્રૌપદીરે, જિણંદ પૂજન કરતી;
નીજ કારજ કીધુંરે, અચળ શિવપદ વરતી. જિન. ૪
ચૌગતિની હરણીરે, આત્મશુદ્ધિ કરણી;
ઉપયોગે કરીએરે, પૂજા ભવજળ તરણી. જિન. ૫
જિનરાજ અભાવેરે, પૂજા જિનબીંબ તણી;
કરો ઉન્નત ભાવેરે, જિનેશ્વર તુલ્ય ગણી. જિન. ૬
એહ આગમ વાણીરે, સદ્દહે ચિત્ત ખરી;
આત્મોદય પામેરે, "રસીક" શિવસુખવરી. જિન. ૭

ઇતિ શ્રી પ્રથમ જળપૂજા સમાપ્ત. ॥૧॥

## અથ શ્રી દ્વિતીય ચંદનપૂજા.

દોહરા.

અંબર વર ઘનસારશું, કરી કેશર રંગરોળ;
શ્રી જિનવરને પૂજતા, હોવે હર્ષ કલ્લોલ. ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રત્નજડીત અતિ શોભતી, કનક કચોળી સાર;
સરસ બરાસ સુખડ ભરી, લેપો જગદાધાર. ૨
ઉત્તમ દ્રવ્યો મેળવી; ધરીએ ઉત્તમ ભાવ;
જન્મ મરણુથી વીરમી, લહીએ શિવસુખ દાવ. ૩

---

ઢાળ.

સુણો ચંદાજી શ્રી મંધર પરમાતમ પાસે જાજો એ દેશી

ભવિ ભાવ ધરી, શ્રી જિનવરની ચંદનપૂજા કીજે;
ભવસિંધુ તરી, શ્રી જિનવર પૂજીને લાહો લીજે.
સુંદર સોવનના થાળ મહી, મૃગમદ કુમકુમ એ દ્રવ્ય લહી;
પરમાતમ ગુણુમાં લીન થઈ—ભવિ ભાવ ધરી, ૧
જગપતિ નવ અંગે તીલક કરી, કરે ગાત્ર વિલેપન હર્ષ ધરી;
લહે શીતળ સુખ નીજ અંગ ભરી—ભવિ ભાવ ધરી. ૨
પ્રભુ ચરણુ[૧] જાનુ[૨] કર[૩] ખંધ[૪] વિષે,
શીર[૫] ભાલ[૬] વિશાળ ને કંઠ[૭] દીસે. ૩
કરે હ્રુદય[૮] નાભી[૯] મનડુ હીંસે—ભવિ ભાવ ધરી;
સુરપતિ અતિ અનુપમ સાજ ગ્રહી, પ્રભુ પૂજે મેરૂ ગિરીંદ જઇ;
રાચે મનમાં કૃતકૃત્ય ભઈ—ભવિ ભાવ ધરી; ૪
તેમ શ્રાવક પૂજ કરે રંગે, લઈ દ્રવ્ય ભાવ અતિ ઉમંગે;
તે "રસિક" વરે મુક્તિ સંગે—ભવિ ભાવ ધરી. ૫

ઈતિ શ્રી દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અથ શ્રી ત્રીજી વસ્ત્રયુગલપૂજા.

### દોહરા.

ચંદ્ર કીરણથી નીર્મળા; અનુપમ વસ્ત્રો હોય;
પૂજન કરતા પ્રેમથી, આતમ નિર્મળ હોય. ૧
ક્ષીરોદક સમ ઉજ્વલા, કોમળ કમળ સરીષ;
કેશર ચરચિત કર ગ્રહી, પૂજો જિન જગદીશ. ૨
કર્મ મેલ હરવા કહી, અંગલુહણની જોડ;
કર્મ હરણથી પામીએ, શિવરમણીની હોડ. ૩

### ઢાળ.

### પહેલે ભવે એક ગામનોરે.—એ દેશી.

વસ્ત્ર યુગલથી પૂજીએરે, શ્રી જિનરાજ મહંત;
ઉપગારી અરિહંતજીરે, ગુણ અનંત ભદંતરે. ભવિઆ
પૂજો શ્રી જિનદેવ, જીમ પામો શીવ મેવરે ભવિઆ પૂ૦ ૧
દેવદુષ્ય ભાવે લઇરે, પૂજે સુરનર રાય;
તેમ હોય ઉત્તમ વસ્ત્રથીરે, કરતા અતિ સુખ થાયરે.ભવિયા પૂ૦૨
પાઠાંતર પૂજા કહીરે, નયન યુગલ મનોહાર,
રત્નજડીત કંચનતણારે, લઇએ હોય શ્રીકારરે. ભવિઆ પૂ૦ ૩
લોચનથી પ્રભુ પૂજતારે, જ્ઞાનાવરણ વીનાશ,
કેવળનાણ નયનં મુદારે, દર્શન હોય પ્રકાશરે. ભવિઆ પૂ૦ ૪
ફરસીત દંશણ નાણથીરે, પાવન આતમ એહ;
'રસીક' કર્મમળ ક્ષય કરીરે, પામે ચીદ્રુપ દેહરે.ભવિઆપૂ૦પ

ઇતિ શ્રી તૃતીય વસ્ત્રયુગલપૂજા સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અથ શ્રી ચોથી વાસક્ષેપપૂજા.

## દોહરા.

વાસ પૂજા જિનરાજની, કરત દેવ સુરીઆભ;
તીવ્ર ભક્તિમાં લીન થઇ, પામ્યો અવિચળ લાભ. ૧
અગર કપુર ચંદન વળી, મૃગમદ સરસ બરાસ;
અંબર પુષ્પ મીલાવીને, કરીયે સુગંધીત વાસ. ૨
ભવદવ તાપ સમાવવા, મન તનુ શીતળ કાજ;
નરભવ પામી પૂજીએ, વાસથકી જિનરાજ. ૩

## ઢાળ.

### વારી પ્રભુ દશમા શીતળનાથકે સુણો એક વીનતીરે લોલ એ દેશી.

સજની ઉદય થયો પ્રહ ઉઠકે, રજની ગઇ વીતીરે લોલ;
,, ઉદય થતા જિન સૂરકે, કુમતી ધરે ભીતીરે લોલ.
,, તે જિનરાજની પૂજા, વાસ લઈ કરેરે લોલ;
,, પ્રગટે આત્મ સુગંધકે, ભવભય નીસ્તરેરે લોલ.—સજની૦ ૧
,, પુદ્ગળની દુર્વાસકે, સંગ અનાદિનોરે લોલ;
,, સુરભી વાસ સુવાશે, રંગ સમાધીનોરે લોલ.
લાવ્ય કનકનો થાળ, વિવિધ રત્ને જડયોરે લોલ;
,, સુંદર નકશીદારકે, કારીગરે ઘડયોરે લોલ.—સજની૦ ૨
,, ભરી તેહ માંહે વાસકે, વિધિએ પૂજીએરે લોલ;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

„ ઉપયોગે ફળદાય, અવિધિએ પ્રભુજીએરે લોલ;
„ મનુઅ જન્મ પામીને, લાહો લીજીએરે લોલ,
„ 'રસીક' પ્રભુની પૂજા, ભાવે કીજીએરે લોલ–સજની ૩

ઇતિ શ્રી ચોથી વાસક્ષેપપૂજા સમાપ્ત.

## અથ શ્રી પાંચમી પુષ્પારોહણ પૂજા.

### દોહરા.

પચરંગી પુષ્પો તણી, મહકે અતિહી સુગંધ;
તે લઇ જિનવર પૂજતા, ત્રુટે દુર્ગતી બંધ. ૧
મનહર સુંદર શોભતા, વિવિધ જાતીના ફુલ;
શુદ્ધ ભાવ પૂજક ધરે, પામે લાભ અમુલ્ય. ૨
દ્રવ્ય ભાવ હેતે કરે, પૂજા શ્રી જિનરાજ;
કારણ કાર્ય નીમીત્ત છે, ભાવ દીયે શિવરાજ. ૩

### ઢાળ.

### તપશુ રંગ લાગ્યો—એ દેશી.

પંચવરણ કુસુમે કરેરે, આંગી અનુપમ ઠાઠ–અવસર એ રૂડો.
નંદનવનથી લાવતારે, સુરનર નીજ વધુ સાથ–અવસર એ રૂડો ૧
જાઇ જુઇ વર કેતકીરે, માલતી લાલ ગુલાબ–અવસર એ રૂડો.
સરસ સેવંત્રી મોગરારે, કમલકુંદ ભરી છાબ–અવસર એ રૂડો. ૨
પારીજાતક કેવડારે, ડમણો દીવ્ય અપાર–અવસર એ રૂડો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શતપત્રી જાસુલ ભલારે, ચંપો ચીત્ત હરનાર—અવસર એ રૂડો. ૩
વિકસિત સુરભી ફુલનારે, કંચન થાળ વીશાળ—અવસર એ રૂડો.
'રસીક'ભાવથી કર ગ્રહીરે, પૂજે જગત દયાળ—અવસરે એ રૂડો. ૪

ઇતિ શ્રી પંચમી પુષ્પ પૂજા સમાપ્ત.

## અથ શ્રી છઠ્ઠી ફુલની માળાની પૂજા.

### દોહરા.

શ્વેત પુષ્પ પારસતણી, ગુંથી મનહર માળ;
શ્રી જિનકંઠે સ્થાપતા, વરીએ શિવ વરમાળ. ૧
માળા મોહન વેલડી, સુરતરૂ જિન જગદીશ;
તીવ્ર ભાવ પૂજક ધરે, પામે સયલ જગીસ. ૨
સુંદર સોવન થાળમાં, મૂકી જિનગૃહ જાય;
અન્યમતિ અવલોકતા, સમક્તિ કારણ થાય. ૩

### ઢાળ.

### ચોમાશી પારણું આવે—એ દેશી.

સુર સુંદર માળ બનાવે, માંહે વિધ વિધ ફુલ ભરાવે;
ભકતે પ્રભુ કંઠ ચઢાવે, ધરી ઉલટ ભાવના ભાવેરે,
જિનરાજ જગત ઉપગારી, પ્રભુ દ્યો શિવ માળ સ્વીકારીરે—
જિનરાજ૦૧
લઇ પારસ પુષ્પની માળા, માંહે ગુંથી ગુલાબ રૂપાળા;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાસુલ ચંપક સુવિશાળા. ચિત્તહર ચારૂં સુરબાળારે—
જિનરાજ૦ ૨

જેમ મોક્તિક હાર સુહાવે, માંહે નવ નવા રત્ન જડાવે;
તે વિધ કુલ માળ કરાવે, ભવિ દેખત આનંદ પાવેરે—
જિનરાજ. ૩

એણી પેરે ભવિ શ્રાવક રંગે, લઇ મનહર માળ ઉમંગે.
સ્થાપે જગનાયક અંગે, તે પરણે 'રસીક'શિવ સંગેરે—
જિનરાજ, ૪

ઇતિ શ્રી છઠ્ઠી કુલની માળાની પૂજા સમાપ્ત.

---

## અથ શ્રી સાતમી ફુલની આંગીની પૂજા.

### દોહરા.

કમળ કેતકી કેવડો, કોરંટો ને કોલ;
પાડલ પદ્મ પ્રિયંગુ એ, સુમન સુગંધ અમોલ. ૧

મરૂઓ માલતી મોતીઓ, મોગર ને મંદાર;
મલ્લિકા મચકુંદની, મહકે વાસ અપાર. ૨

સર્વોત્તમ સુંદર વળી, સુરભી રસ ભરપુર;
વિવિધ જાતી કુસુમે કરી, આંગી રચો જિન સૂર. ૩

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઢાળ.

આપલડારે પાતીકડા હવે શું કરશો તમે રહીનેરે–
એ દેશી.

સુંદર સોવનથાળ સુમનનો,
ભરી જિનમંદીર જઈએરે,
અરિહા અંગે અનુપમ આંગી,
કરતા પાવન થઈએરે. સુંદર૦ ૧
રક્ત પીત વળી શ્યામ સુરંગે,
સુંદર ચિત્ર પ્રકાશેરે;
ઉત્તમ ચિત્રકારની રચના,
જગ જન નયન વિકાસેરે સુંદર૦ ૨
એ વિધ નવ નવ પુષ્પ લઇને,
વેલ કાંગરા કરીએરે;
કુસુમ યોજના કરતા મનમાં,
વિધ વિધ ભાવ સમરીએરે. સુંદર૦ ૩
'રસીક' સ્મરણુ મન ઉંડ વિચારે,
જન મન લીન બનાવેરે;
આંગી મીષે શિવવધુને કાગળ,
લખતા શિવ સુખ પાવેરે. સુંદર૦ ૪

ઇતિ શ્રી સાતમી પુષ્પઆંગીની પૂજા સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અથ શ્રી આઠમી સુગંધી ચૂર્ણ પૂજા.

## દોહરા.

અતિ ઉત્તમ ગંધે ભર્યો, ઉજ્વલ સરસ બરાસ;
અગર કપુર ચંદન વળી, અંબર અનુપમ વાસ. ૧
માંહે મૃગમદ મેળવી, કનક પત્રની સાથ,
ચારૂ ચૂરણ કર ગ્રહી, પૂજે ત્રિભુવન નાથ. ૨
ચૂરણ પૂજા આઠમી, અષ્ટ કર્મ હરનાર;
ભવ ભય દૂર હઠાવીને, પહોંચાડે શિવદ્વાર. ૩

---

## ઢાળ.

### આદીતે અરિહંત અમ ઘેર આવોરે–એ દેશી.

અંબર વર ઘનસાર મૃગમદ મેળીરે,
માંહે સુમનસ સરસ સુવાસ ભાવે ભેળીરે. ૧
અનુપમ સુરભી દ્રવ્ય બહુ બહુ લાવીરે,
જે પૂજે શ્રી જિનદેવ તાલ મીલાવીરે. ૨
દ્રવ્ય સુગંધે પૂજતાં ભવિ લહીએરે,
કાંઈ અક્ષય સુખનું ધામ ત્યાં જઈ રહીએરે, ૩
આતમની દુર્વાસ તે દૂર હરીયેરે,
કાંઈ નિર્મળ નીજ સ્વરૂપ સ્હેજે વરીએરે. ૪
જગત્ અનાદિ કાળ ચેતન રઝળેરે,
દુઃખદાયક આઠે કર્મ દાહે પ્રજળેરે. ૫

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અષ્ટ કર્મ હરનાર અષ્ટમી કરીએરે,
જિન પૂજા ' રસીક ' આધાર ભવ જળ તરીએરે. ૬
ઇતિ શ્રી આઠમી ચૂર્ણ પૂજા સમાપ્ત.

## અથ શ્રી નવમી ધ્વજ પૂજા.

### દોહરા.

સુંદર જિન મંદીરતણા, શૃંગ વિષે સોહંત;
રત્ન જડિત સોવન તણો, દંડ અતિ ઝલકંત. ૧
મંદ પવનમાં ઝુલતી, ઘંટ ઘુઘરી અફળાય;
મધુર નાદ સુણી તેહનો, ધ્વજ ડોલે મનમાંહ્ય. ૨
મુજ સરીખુ જગ કો નહી, પુણ્યવંત શીરદાર;
જિન ગૃહ પર ગગને રહી, પામુ હરખ અપાર. ૩

### ઢાળ.

શિવનારી શિવનારીરે દીલભર દીખાવ હો શિવનારી.
—એ દેશી.

જયકારી જયકારીરે પૂજન જયકારી જયકારી.
ભવિજીવ ઉદ્ધરવા જિન વાણી;
વિજય પતાકા ધારીરે.— પૂજન ૧
અનુપમ ધ્વજ લઇ શ્રી જિન પૂજે,
ધન્ય તેહ નરનારીરે.— પૂજન. ૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમર નીકર સચિ સુરપતિ સંગે,
ભક્તિ કરે હીતકારીરે.— પૂજન. ૩
આતમ રિદ્ધિ અપૂર્વ તુમારી,
અમે તુમ પાસ ભીખારીરે.— પૂજન. ૪
સુર સરીખા યાચક પ્રભુ આગે,
માગત મોક્ષની બારીરે.— પૂજન. ૫
ભવ ભય હર જિન ધ્વજ પૂજનથી,
'રસીક' લહો ભવ પારીરે.— પૂજન. ૬

ઇતી શ્રી નવમી ધ્વજ પૂજા સમાપ્ત.

---

## અથ શ્રી દશામી આભરણ પૂજા.

### દોહરા.

દશામી રત્નાભરણુની, જિન પૂજાજયકાર;
સુરનર પેરે શ્રાવક કરે, શક્તિ તણે અનુસાર. ૧
હીરા મોતી લસણીઆ, માણેક પન્ના ચંગ;
કરકોદક મણિ રત્નના, આભુષણ જિન અંગ. ૨
રત્નપ્રભા અતિ નિર્મળી, દશ દિશ દેત પ્રકાશ;
પૂજક તન્મય ભાવથી, પૂર્ણ કરે મન આશ. ૩

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ઢાળ.

### અજીત જિણંદશું પ્રીતડી. એ દેશી.

ત્રિભુવન નાયક જિન તણી,
શુભ ભાવે હો સુરનર સમુદાયકે;
વિવિધ આભૂષણ કર ગ્રહી,
કરે ભક્તિ હો એકતાન લગાયકે. ત્રિભૂવન. ૧
પ્રભુજી તુજ સમ કો નહી,
જગ જનના હો શિર તાજ સમાનકે;
તેણે તુજ શીશ મુગટ ધરી,
નીત્ય સ્મરીએ હો અજરામર સ્થાનકે. ત્રિભૂવન. ૨
બાહે બાજુબંધ બેરખા,
કાને કુંડળ હો સૂર ચંદ્રની જોડ કે;
ઉર પર હાર હીરે જડયો,
એમ અનુપમ હો આભૂષણ ક્રોડ કે. ત્રિભૂવન. ૩
નીજ નીજ શક્તિ પ્રમાણમાં,
જિન પૂજે હો સુર સમકિતવંત કે;
તેમ 'રસીક' શ્રાવક કરે,
તે પામે હો ભવ ભયનો અંત કે. ત્રિભૂવન. ૪

ઇતિ શ્રી દશમી આભૂષણ પૂજા સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અથ શ્રી અગ્યારમી પુષ્પગૃહ પૂજા.

## દોહરા.

વિધ વિધ પુષ્પે ગુંથીઉ, સુંદર જિન ગૃહસાર;
સુર ગૃહ પણ જસ હોડમાં, આવે નહિ તલભાર. ૧
મન મોહક મંડપ રચી, બાંધ્યા તોરણ ચંગ;
જાળી ઝરોખા ચિતરી, ઝુમખા સરસ સુરંગ. ૨
એ અદ્દભૂત આવાસમાં, પધરાવી જિનદેવ;
ભાવે ભક્તિ સુર કરે, પામે શીવપદ મેવ. ૩

---

## ઢાળ.

### શ્રીરે સિદ્ધાચળ ભેટવા એ દેશી-

સમકિતધારી શ્રાવકો, જિન મંદીર આવે;
પુષ્પ સદન પૂજન કરી, શિવ સદન મીલાવે. સમકિત. ૧
ચાર ગતિના ચક્રમાં, સ્થિરતા નહી ક્યાંયે;
જન્મ મરણ વેદન લહી, દુઃખ દરિયા માંહે. સમકિત ૨
પૂન્ય અપૂર્વ ઉદય થતાં, જીવ નરભવ પાવે;
હાથ ચડયો ચિંતામણી, કેમ ફોક ગુમાવે. સમકિત. ૩
પુષ્પગૃહે જિન પૂજતાં, બહુ ભક્તિ ભાવે;
'**રસીક**' કર્મનો ક્ષય કરી, ભવિ મોક્ષે જાવે. સમકિત.૪

ઇતિ શ્રી અગ્યારમી પુષ્પગૃહ પૂજા સમાપ્ત.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અથ શ્રી બારમી પુષ્પમેહ પૂજા.

### દોહરા.

પંચવરણ પુષ્પો ગ્રહી, ભાવ શ્રાવક જિન અંગ;
મેઘ છટાએ વરસતાં, ધરી મન અતિહી ઉમંગ. ૧
પાડલ પદ્મ પ્રિયંગુ ને પારસ પુષ્પ રસાળ;
જળ ધારા જીમ છાંટતા, કર્મ ખપે તત્કાળ. ૨
ભાવ વીના નીષ્ફળ કહી, કિરીયા કષ્ટ સમાન;
ક્રિયા ભાવ હેતે ગણી. ભાવ ક્રિયા દો માન. ૩

—:૦:—

### ઢાળ.

રંગરસીયા રંગરસ બન્યો, મન મોહનજી—એ દેશી.

ઝીણો ઝરમર વરસે મેહુલો, મ્હારા વહાલાજી;
માંહે સુંદર સુરભી ફુલ, વરસે મેહુલો મ્હારા વહાલાજી. ૧
કમળ સુગંધી કેતકી, મ્હારા વહાલાજી;
જેની મહકે વાસ અમૂલ્ય. વરસે મેહુલો. ૨
સચિપતિ સચિ સવી સુરનરા, મ્હારા વહાલાજી;
મળે મેરૂ શિખર પર આય. વરસે મેહુલો. ૩
જિનપતિ જન્મ સમય કરે, મ્હારા વહાલાજી;
ફુલવૃષ્ટિ ઉમંગ દીલ લાય. વરસે મેહુલો. ૪
શ્રાવક જન એ વિધ કરે, મ્હારા વહાલાજી;
ફુલ મેહ પૂજન સુખકાર. વરસે મેહુલો. ૫

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રભુ મુખ વિદ્યુત્ જ્યોતમે મ્હારા વહાલાજી;
જન 'રસીક' વરે શિવનાર વરસે મેહુલો. ૬

ઇતિ શ્રી બારમી પુષ્પ મેહુપૂજા સમાપ્ત.

---

## અથ શ્રી તેરમી અષ્ટમંગળની પૂજા.

### દોહરા.

અખંડ ઉજ્વલ ચંદ્ર જશું, અક્ષત લેઇ શ્રીકાર;
શુભ ભાવે પૂજન કરે, જિનપતિ આગળ સાર. ૧
સ્વસ્તિક દર્પણ કુંભ તેમ, ભદ્રાસન વર્દ્ધમાન;
નંદાવર્ત શ્રીવત્સને, મીન યુગલ મન માન. ૨
એ આઠે મંગળ થકી, અષ્ટ કર્મ હોય નાશ;
ભવ દવ તાપ સમાવીને, પામે શિવપુર વાસ. ૩

---

### ઢાળ.

### યાત્રા નવાણું કરીએ સલુણા—એ દેશી.

રયણ કનક મણિ કર ગ્રહીરે,
મૌક્તિક સાથ મીલાય. જિનેશ્વર પુજીએ.
અમલ અખંડીત અક્ષતેરે,
અષ્ટ મંગળ સુખદાય, જિનેશ્વર.
પૂજીએ જિન પૂજીએરે, પૂજત ભવદુઃખ જાય. જિનેશ્વર. ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અષ્ટ મંગળથી પૂજતાંરે, આઠે મદ હોય દૂર; જિનેશ્વર.
અડ પ્રવચણ રાગી બનેરે, પામે આનંદ પૂર. જિનેશ્વર. ૨
અમર અમર સુખ પામવારે, પૂજે અમર અરિહંત જિનેશ્વર.
તેણે વિધ શ્રાવય ભાવથીરે, પૂજે 'રસીક' ભગવંત જિ૦ ૩

ઇતિ શ્રી તેરમી અષ્ટમંગળ પૂજા સમાપ્ત.

---

## અથ શ્રી ચૌદમી ધૂપ પૂજા.

### દોહરા.

અગર તગર મૃગમદ વળી, સુરભી સુખડ બરાસ;
કૃષ્નાગર ઉત્તમ અતિ, મહકે દસ દિશિ વાસ. ૧
કપુર કુંદરૂ એ સહુ, મીલાવી ઘૃત માંહ્ય;
સરસ સુગંધી ધૂપ કરી, પૂજે શ્રી જિનરાય. ૨
કર્મ કાષ્ટને બાળવા, ધ્યાનાનળ પ્રગટાય,
ભાવ ધૂપથી આતમા, સહજ વિલાસી થાય. ૩

---

### ઢાળ.

### જગજીવન જગ વાલહો—એ દેશી.

સરસ સુગંધી ધૂપ કરી, આવી જિનગૃહ માંહ્ય, ભવિજન
પ્રભુ આગળ ઉખેવતા, પાતીક દૂર પલાય, ભવિજન–સરસ ૧
કનક ઘડયુ રત્ને જડયુ, ધૂપધાનુ સોહાય, ભવિજન;
ઉત્તમ સાધન સંગ્રહી, ઉત્તમ ભાવ ધરાય ભવિજન–સરસ. ૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્રવ્યપૂજન મન મોહને, ઉત્તમ ભાવના થાય, ભવિજન;
ઉર્ધ્વ શિખા જેમ ધૂપની, ઉર્ધ્વગતિ ભવિ પાય, ભવિજન;
સરસ. ૩

જિનવરની જમણી દિશે, ધૂપ દીપ લઇ ચંગ, ભવિજન;
સુરનર પેરે શ્રાવક કરે, પૂજા 'રસીક' ઉમંગ, ભવિજન.
સરસ. ૪

ઇતિ શ્રી ચૌદમી ધૂપ પૂજા સમાપ્ત.

---

## અથ શ્રી પંદરમી ગીત પૂજા.

### દોહરા.

ગગન તણી સીમા નહી, નહી જગતકો અંત;
નીરૂપમ શિવસુખ તેમ હે, જિન ગુણ ગાન અનંત. ૧
શત્રુંજય સમ તીર્થ નહી, નહી અરિહા સમ દેવ;
જિન ગુણ ગાન સરીષ નહી, શિવસુખ દાયક સેવ. ૨
મધુર ધ્વનિ ષટ રાગની, રાગણીઓ છત્રીસ;
સુરનર સરસ સુકંઠથી, ગાવે ત્રિભૂવન ઈશ.

---

### ઢાળ.

**વહાલા આજે ઉમંગ મનમાં થયો જો—એ દેશી.**

આવે આવે અમર સઘળા મળીજો,
ગાવે જિનગુણ ઉન્નત ભાવજો;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

રૂડા રાગે આલાપ મધૂરા કરેજો,
નહી એ સમ બીજો લ્હાવ જો;
વહાલા એહ સમય રળીઆમણોજો.
માલકોશ મલ્હાર મીઠે સ્વરેજો,
ગોડી પુરવી વસંત આલ્હાદજો;
પ્રભુ ભક્તિ ભરે ગાતા થકાજો,
સાથે વિધ વિધ વાજિંત્ર નાદજો. વહાલા. ૨
ભવી એહ આનંદ વિલોકીનેજો,
હોવે જિનગુણ અમૃત લીનજો;
શુભ ભાવે કુકર્મ ખપાવતાજો,
શિવ રમણિ "રસીક" આધિનજો. વહાલા. ૩
ઇતિ શ્રી પંદરમી ગીત પૂજા સમાપ્ત.

---

## અથ શ્રી સોલમી નાટક પૂજા.

### દોહરા.

હવે પૂજા નાટક તણી, જિનપતિ આગળ સાર,
ભાવે ભવિ પ્રાણી કરી, પામે શિવપૂર દ્વાર. ૧
અનુપમ આભૂષણ ધરી, સજી સોળે શણગાર;
એક શત આઠ મળી કરી, આવે જિન દરબાર.
જિનપતિ જન્મસમય સહુ, દેવ દેવી પરીવાર;
હાવ ભાવથી નાચતા, લાજે નહી લગાર.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### ઢાળ.

## નેક નજર કરો નાથજી—એ દેશી.

દેવ દેવી હરષે મળી, જિન આગે નચે ભકતે કરી
જીહો—એહ સમય રળિયામણો;
ઠમક ઠમક ઠમકો કરે, વાલા ફરરર ફેર ફુદડી ફરે
જીહો—એહ. ૧
થનક થનક તા થેઇ કરી, ગીત ગાવે મધુર સ્વરે
કિન્નરી જીહો—એહ;
ઘમ ઘમ ઘમકે ઘુઘરી, કરે રૂમઝુમ નૃત્ય સુર સુંદરી
જીહો—એહ. ૨
તાલી દીયે ભ્રમરી દીયે, એમ નાચે નવી નવી
રીતીયે જીહાં—એહ;
વિવિધ વાજીંત્ર કરમાં ધરી, વીણા બંશી બજાવે
ઉલટ ભરી જીહો—એહ. ૩
તે વિધ શ્રાવક ભાવથી, પ્રભુ આગે એકાગ્ર
સ્વભાવથી જીહાં—એહ;
નાચે 'રસીક' બહુ તાલમા, જેમ નાવે ફરી
જગ જાળમાં જીહો—એહ. ૪

ઈતિ શ્રી સોળમી નાટક પૂજા સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અથ શ્રી સત્તરમી વાજિંત્ર પૂજા.

### દોહરા.

સમોવસરણમાં સુરપતિ, વિવિધ વાદ્ય ધરી આય;
મધુર સ્વરે જિન ગુણ સ્તવે, ચીરંજીવ જિનરાય. ૧
ઢોલ મૃદંગ વિણા વળી, સારંગી સીતાર;
સુરસાગર તંબુરને, સચળ કરી એકતાર. ૨
ભેરી ભૂંગળ દુંદુભી, શરણાઈ શ્રીકાર;
ઝાંઝ બંસીને ઝલ્લરી, પ્રગટ કરે ઝણુકાર. ૩

—:o:—

### ઢાળ.

### ઉત્તમ ફળ પૂજા કીજે—એ દેશી.

સમોવસરણ જિનપતિ રાજે, દુંદુભી નાદ મધુર ગાજે;
સુરનર શિવ રમણિ કાજે, મનમોહન પૂજન કરીએ.
ભક્તિ કરી ભવ ભય હરીએ—મનમોહન૦ ૧
ત્રિભૂવન જન મન વિશ્રામી, ભવિ જીવ ઉપગારે સ્વામી;
પ્રતિબોધે કેવળ પામી—મનમોહન૦ ૨
સુર નરપતિ સંપત્તિ ધારી, તુજ તોલે નહીં ઉપગારી,
નાણુ રિદ્ધિ અદ્ભુત તહારી—મનમોહન૦
તેણે તુજ દાસપણે રહીએ, કોક સમય તુજ સમ થઇએ;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જન્મ મરણુ તજી શિવ લહીએ—મનમોહન૦
ગીત નૃત્ય થેઈ થેઈ કરીએ, વાદ્ય વીણા કરમાં ધરીએ;
'રસીક' પૂજા કરી સુખ વરીએ—મનમોહન૦

---

## અથ કળશ.

**હો અવસર બેર બેર નહી આવે—એ રાગ.**

હો ભવિકા શ્રી જિન પૂજન કીજે.
નરભવ લાહો લીજે હો ભવિકા—શ્રી જિન.
ઉત્તમ નરભવ આર્ય ક્ષેત્રમાં, શ્રાવક કુળ ગુણખાણી,
દુર્લભ યોગ મળ્યો મહાકષ્ટે, સફળ કરો ભવિ પ્રાણી.—
હો ભવિકા. ૧
સત્તરભેદે પ્રભુ પદ પૂજા, જ્ઞાતા સૂત્રથી જાણી;
દ્રાૈપદી સુર સુરીયાભ પ્રમાણે, કરત વરે શીવરાણી. હો ભવિકા. ૨
ભવભવ જન્મ મરણના ફેરા, કરતાં નાવ્યો આરો;
દેવ દયાળુ શરણુ લહીને, નીજ આતમ ઉદ્ધારો. હો ભવિકા. ૩
તપગચ્છ ઉપવન મુનિ કજ મધુકર, સંવેગ પદ મન ધ્યાયો;
પૂર્વાચાર્ય વચન અનુસારે, દીલકો ભાવ જણાયો. હો ભવિકા. ૪
નીતિવિજય શીષ્ય સિદ્ધિવિજયની, આશીષ શીરપે ઉઠાયો.
સાંપ્રત સમયે સુગમ વીચારી, એ અધિકાર બનાયો. હો ભવિકા.
નેમવિજય શીષ્ય ઉદયવિજયજી, શ્રાવક તાસ કહાયો;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેં નીજ તાત સ્મરણુને માટે, રાજનગરમેં રચાયો. હો ભવિકા. ૬
સંવત [૮]ગજ [૭]મુનિ [૯]નિધિ [૧]ચંદ વર્ષે, ( ૧૯૭૮ )
વૈશાખ માસ સવાયો;
શુકલપક્ષ દીન અક્ષય તૃતિયા,
'રસીક' જિનેશ્વર ગાયો. હો ભવિકા. ૭

ઇતિ શ્રી કળશ સમાપ્ત.

ઇતિ શ્રી 'રસીક' વિરચીત શ્રી સત્તરભેદી પૂજા સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# *ફુલવાડીની અરજી.

**સાખી**—શ્રી સંખેશ્વર જિનપતિ, જગજીવન મહારાજ,
અર્જ અમારી સાંભળી, આપો શીવપુરરાજ.

**ભૈરવી લાવણી. શા માટે શ્રમ કરે સતિ તુજ પતિ ભક્તિ સાચી. એ રાગ.**

જન્મ્યુ તેહ જનાર જગતમાં જીવે ઉપગારી;
જગતમાં જીવે ઉપગારી-કરે છે અર્જ ફુલવાડી. ૧

**સાખી**--પૂરવ કર્મ પસાયથી, થયા વનસ્પતિકાય,
જિનજી તુજ આશ્રય મીલે, ભવની ભાવઠ જાય.

ખીલ્યા પુષ્પ સુકાય સહજમા, કંઈક અધર્મી રોળે રજમાં,
પુણ્યવંત ભવિ જીવ વિરામે તુજ શરણુધારી-કરે છે
અર્જ ફુલવાડી. ૨

---

*કોઇ સ્થાનકવાસીએ શ્રાવક વિષેશાવશ્યક નામના પોતાના પુસ્તકમાં "ફુલવાડીની અરજી એવા મથાળા વાળી" એક લાવણી મુકી છે, જેમા પ્રતિમા સબંધી તદ્દન અસત્ય અને દ્વેષ પુર્ણ બીના ભરેલી છે, તે વાંચી આપણા કેટલાક મૂર્તિપૂજક ભાઇઓનુ દિલ કચવાવા લાગ્યુ, અને તેના પ્રતિકાર રૂપે કવિતામાંજ કંઈ લખાય તો ઠીક એવું મને જણાવતા, દેવગુરૂની કૃપાથી આ અરજી પ્રતિમા દ્વેષીઓના પ્રતિકાર રૂપે મેં યોજી છે. **કવિ રસીક**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાખી**–પુત્ર પુત્રીના લગનમાં, કરે અમારી ઘાત,
બીજા પણ બહુ વિષયમાં, થાય જુલ્મની વાત.
પ્રતિમા લુંપક એ ન વિચારે, પ્રભુ પૂજનમા ઘાત પુકારે,
ધર્મ કાર્ય કોઈ કેમ કરે એ બતાવશે બારી–કહે છે૦ ૩
**સાખી**–પ્રભુ પડિમા દ્વેષી બન્યો, લવે અસત્ય અપાર,
ઘાત પાપ જણવે તિહાં, જયાં પૂજન અધિકાર.
કોઇ ચણાવે સ્થાનક ત્યારે, કેતા સ્થાવરને ત્રસ મારે,
પૃથિવ અપ વાયુ વિણ વાંકે નાંખે સંહારી–કરે છે૦ ૪
**સાખી**–આ બુદ્ધિ નવ સાંભરે, મિથ્યામતિ મુંઝાય,
ધર્મ ક્રિયા હિંસા ગણે, અધર્મીનું શું થાય.
જૈનતણો સિદ્ધાંત જગતમાં, ન્યારો માર્ગ અવર સહુ મતમાં,
સુક્ષ્મ દ્રષ્ટિએ ખરી અહિંસા ઉપદેશે ભારી–કરે છે૦ ૫
**સાખી**–દયા સ્વરૂપ જાણ્યા વિના, જપે દયાનું નામ,
સૂત્ર ઉત્થાપી તે હુવે, નાહકના બદનામ.
દાન શીયળ તપ ભાવ એ ચારે, ધર્મ સધાયે જેહ પ્રકારે,
જિનગૃહમાં એ ધર્મ રહ્યો છે ભવિજન હીતકારી–કરે છે૦ ૬
**સાખી**–જ્ઞાતા ભગવતિ અંગમાં, જીવાભિગમ મઝાર,
રાયપસેણી સૂત્રમાં, જિનપૂજન અધિકાર.
બીજા પણ બહુ સૂત્રો સાખી, પણ પાપીએ બીક ન રાખી,
પડિમા દ્વેષે જિન આગમને અવળા ઉચ્ચારી–કરે છે૦ ૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાખી**–આગળ જઈને ઉચરે એ અજ્ઞાની એમ,
અનંતજ્ઞાની જિનજી તણી, પથ્થર મૂર્ત્તિ કેમ.

તીર્થંકર વિચરે ગુણ ખાણી, પુદ્ગલ દેહ ધરે જગનાણી,
દેહ રહિત પ્રભુ થાય વરે જે સમયે શિવ નારી–કરે છે૦ ૮

**સાખી**–અરૂપી ગુણ આતમ તણા, દેહ વિના ન પૂજાય,
સમોવરણમાં જિન તનુ, પૂજે સુરનર રાય.

એમ જિન બિંબ વિવિધ પુદ્ગળના, મણિ માણેક વળી મુક્તાફળના
હેમ રજત પાષાણ કાષ્ટને અવર વસ્તુ સારી–કરે છે૦ ૯

**સાખી**–યોગાસન મુદ્રાકૃતિ, વળી કાઉસગ્ગ ધ્યાન,
સુચી દ્રવ્યોથી તે રચી, મૂર્ત્તિ જિન ગુણ ખાણ.

જિન પડિમા જિન સરખી દીપે, સમદૃષ્ટિ ભવિ જન મન છીપે,
સાધક સાધ્ય વીલોકી સાધે પંચમ ગતિ પ્યારી–કરે છે૦ ૧૦

**સાખી**–નારી ચિત્ર નિહાળતા, કામી મન ડોલાય,
તિમ પ્રભુ મૂર્ત્તિ દેખતા, ભવિ જન મન હર્ષાય.

નારી નેહ નરકમાં સ્થાપે, પ્રભુપર પ્રેમ પરમ પદ આપે,
જડ નારીનું ચિત્ર કરે તે મૂર્તિ કરનારી–કરે છે૦ ૧૧

**સાખી**–પંચમ કાળે પ્રાણીને, આગમ પડિમા હોય,
ભવ સાયરથી તારવા, પ્રવહણ સરીખા જોય.

આગમ માને સ્થાનકવાસી, એ પણ છે પુદ્ગળનો રાશી,
કાગળને કાજળની એ સહુ કીધી તૈયારી–કરે છે૦ ૧૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાખી**–ફાટા છબીઓ સાધુની, તે પર આવે પ્યાર,
શા કારણ પ્રભુ મૂર્ત્તિને, દેખી ઉપજે ખાર.
જ્ઞાન વિશેષો આગમથી પામે, અભણ મૂર્ત્તિ દેખી આરામે,
જાણ અજાણ બધાને પ્રતિમા સુખની દેનારી–કરે છે૦ ૧૩
**સાખી**–કાગળને પાષાણમાં, ગણી પરસ્પર ભેદ,
નામ જપે પણ મૂર્ત્તિ શું, પ્રભુ પર લાવે ખેદ.
રામ નામ પોપટ ઉચ્ચારે, રામ કદિ નવ આવે વહારે,
અંતરભાવ વિનઃ જે કરણી તે નહિ સુખકારી–કરે છે૦ ૧૪
**સાખી**–અંતરભાવ જગાવવા, પડિમા હેતુ ખાસ,
શાન્ત સુધાનિધિ નીરખતા, પ્રગટે ભાવ ઉલ્લાસ.
કારણ કાર્ય નિમિત્ત સહુજાણે, દ્રવ્ય ક્રિયા એ ભાવને આણે,
નાથ અભાવે મૂર્ત્તિ નાથની ભાવ જગવનારી–કરે છે૦ ૧૫
**સાખી**–વળી આગળ જઇને વદે, મંદ મતિ એ એમ,
મૂર્ત્તિમાં ગુણ પ્રભુ તણો, દીસે નહિ તે કેમ.
સ્વજન સગાના ચિત્ર વિલોકી, કોઇ પુછે ઉત્તર દે ઠોકી,
એ મુજ માત એ તાત અને આ ભગિનિ છે મહારી–કરે છે૦ ૧૬
**સાખી**–માત તાત ગુણ તસ્વીરે, જરા નહિ દેખાય,
વગર ક્રિયા એ પૂતળા, માત તાત લેખાય.
આકૃતિ માંહે ગુણ ઉતારી, માતપિતા સમ બિંબ વિચારી,
પ્રથક્ પ્રથક્ શ્રી જિનની મૂર્ત્તિ વરતે જયકારી–કરે છે૦ ૧૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat     www.umaragyanbhandar.com

**સાખી**–મહારણીની મૂર્ત્તિને, મેશ લગાવી કોઇ,
બહુ અપમાન કરી ગયો, સરકારે તે જોઈ.

કાઢયો હુકમ પકડવા માટે, દે દશ સહસ્ત્ર રૂપૈયા સાટે,
મ્લેચ્છજાતિ પણ મૂર્ત્તિ માટે તન ધન દેવારી–કરે છે૦ ૧૮

**સાખી**–પામર જીવની મૂર્ત્તિ પર, અજ્ઞ જાતીને માન,
પણ પ્રભુની છબી દેખતા, આ પામે દુર્ધ્યાન.

દુષ્ટ કર્મથી જેહ ફસાયે, તે દુર્ધ્યાન મહી મુંઝાયે,
**રસીક** જિનાગમ બોલે પ્રતિમા પૂજન બલીહારી–કરે છે૦ ૧૯

## શ્રી ફુલવાડીની અરજી પૂર્વાર્ધ સમાપ્ત.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આજેજ ગ્રાહક થાઓ !** **ધર્મ-જ્ઞાન પ્રાપ્ત કરો !**

**જૈન સમાજમાં ખ્હોળો ફેલાવો પામેલું, જૈન ધર્મના સર્વમાન્ય તત્વોનું સુંદર રીતે પ્રતિપાદન કરતું, ધર્મ-વીર ગર્જના કરતું આ એકજ** સાપ્તાહિક છે કે જે નિયમિત રીતે દર શુક્રવારે પ્રગટ થાય છે.

# —શ્રી વીર-શાસન—

પ્રકાશક:—**શ્રી વીરસમાજ—અમદાવાદ.**

(વાર્ષિક લવાજમ:-રૂા. પા- વી. પી. પો. સાથે; **સ્થાનીક રૂા. ૫**)

આ ધર્મ-પ્રચાર કરતા, ધર્મ-જ્ઞાન આપતા પત્રના પ્રત્યેક ધર્મપ્રેમી બંધુએ ગ્રાહક થવુંજ જોઈએ, અને ગ્રાહક થવા પોતાના ઈષ્ટ-મિત્રને ભલામણ કરવી જોઇએ.

**દરવર્ષે ઉત્તમ દળદાર પુસ્તક અને ખાસ અંક ગ્રાહકોને ભેટ મળે છે.**

**(ગ્રાહકો વધારી શકે એવા ધર્મપ્રેમી એજન્ટો.ની તાકીદે જરૂરછે.)**

**ગ્રાહક થવા આજેજ લખો:—**

**શ્રી વીર-સમાજ.**

ઠેકાણું:—હાજાપટેલની પોળ—**અમદાવાદ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com